સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ડિસેમ્બર - ૨૦૧૪

બે વર્ષ લવાજમ રૂ.૧૯૦/-


## નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - વર્જીનીયા (USA)











પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ અમેરિકાના વર્જનિયા રાજ્યના રીચમુંડ શહેરને આંગણે નૂતન હરિમંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ (તા. ૨૯ થી ૩-૧૨-૨૦૧૪)



નૂતન હરિમંદિર ભૂમિપૂજન મહોત્સવ - હ્યુસ્ટન (USA)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ અમેરિકાના ટેકસાસ રાજ્યના હ્યુસ્ટન શહેરને આંગણે **નૂતન હરિમંદિરનો**
**'ભૂમિપૂજન મહોત્સવ તથા સત્સંગ જ્ઞાનયજ્ઞ'** (તા. ૨૨/૨૩-૧૧ તથા ૭-૧૨-૨૦૧૪)



સંતઆશ્રમ ખાતમુહૂર્ત મહોત્સવ - બગસરા

જૂનાગઢ પ્રદેશના બગસરા શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયેલ
પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે નૂતન સંતઆશ્રમનો
**'ખાતમુહૂર્ત મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૧૪ થી ૨૧-૧૨-૧૪)




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ : ૨, અંક : ૧૨, તા. ૨૦-૧૨-૧૪

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**પ્રકાશક/માલિક/તંત્રી :-** સાધુ પતિતપાવનદાસજી

**સંપાદક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

**લેખક :-** સાધુ અમૃતસ્વરૂપદાસ
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



**લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર :-**

**ચિંતન કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com, www.svg.org
Email : srdharmandir@gmail.com


## પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ગવાયેલ



# શ્રીમદ્ સત્સંગિજીવન

# કથા અમૃતકણિકા


**લવાજમ દર :-** બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-, પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A. £ 125 U.K.**



हमारा लक्ष्य
विश्व का कल्याण हो...
Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
દિવ્યઅમૃતવાણી
સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના
શ્રીમુખે
સત્સંગ કથા પારાયણ
સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે
સત્સંગ કથામૃત
સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦



પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ગવાયેલ

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા અમૃતકણિકા

પૂ.સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી વિરચિત સંપ્રદાયના મહાન સમ્રાટ **ગ્રંથરાજ** 'શ્રીમદ્ સત્સંગિજીવન'ની નવ દિનાત્મક **કથાપારાયણ** પ્રસંગે રજૂ કરેલા સાંપ્રદાયિક લીલાપ્રસંગો, સંત-ભક્તોના ચરિત્રો, ધર્મગ્રંથોના દૃષ્ટાંતો, અન્ય સામાજિક દૃષ્ટાંતો તેમજ મૌલિક વિચારો તેઓશ્રીની આગવી **સરળ શૈલી**માં જ અહીં રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. પૂ. સ્વામીની કથાશૈલીમાં તળપદી ભાષા, રસાળતા, મધુરતા અને મૃદુ હૃદયની ભક્તિથી ભીંજાયેલી શબ્દાવલી ગામડાના સીધા-સાદા અભણ માણસથી લઈને શહેરી બુદ્ધિજીવો સાક્ષરોના **હૃદયને સ્પર્શી** જાય છે. પૂ. સ્વામી દ્વારા કથા દરમ્યાન કરાયેલ શ્રીહરિચરિત્રોનું વર્ણન ભક્તજન સમાજના હૃદયમાં **તાદૃશ્ય** થવા લાગે છે અને શ્રીજીમહારાજની પ્રાગટ્યથી લઈને તિરોધાન સુધીની **રોમાંચક લીલાઓ** ભાવાર્દ્ર હૃદયે સુણતા શ્રોતાઓની આંખના ખૂણા ભીના કરી દે છે. પૂ. સ્વામીની વાણીમાં ભગવાન શ્રીહરિ સ્થાપિત ષડ્અંગી સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો, ભગવાન શ્રીહરિની **સર્વોપરિ ઉપાસના**ની નિષ્ઠાનો રણકાર અને મોટા સંતો-ભક્તોના નક્કર અનુભવ કથનો-દૃષ્ટાંતો-વિચારોના **અદ્‌ભુત સંવાદો** જોવા મળે છે. પૂ. સ્વામીની ધ્વનિમુદ્રિત થયેલ કથાપારાયણોની સેંકડો ઓડિયો-વિડીયો કેસેટો દેશ-વિદેશના **લાખો ઘરો**માં ગૂંજે છે, તેનાથી **હજારો કુટુંબો**-પરિવારો વ્યસન-ફેશન-કુટેવો-સ્વભાવોનો ત્યાગ કરીને શ્રીજીસ્થાપિત પંચવર્તમાન યુક્ત **દિવ્યજીવન** જીવતા થયા છે.

સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની અમીદૃષ્ટિથી તેમજ વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન **પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તેમજ ભાવિવારસદાર અને સંપ્રદાયના કર્ણધાર સમાન **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના આધ્યાત્મિક મૌલિક વિચારોનું **'આદર્શ સત્સંગ કથાસુધા'** પુસ્તકરૂપે સંકલન કરવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું તે મારા જીવનની ઉજ્જવળ અને ધન્ય ક્ષણ સમજું છું. તે જ પુસ્તકના સારરૂપ આ 'ચિંતન' અંકના માધ્યમથી અહીં લેખમાળા પ્રસ્તુત છે.

**સંકલન :- સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

जुष्टो मुक्तगणैर्निजाक्षरपदे दिव्याकृतिः सादरं यो भक्तौ प्रकटीबभूव दयया धर्माज्जनश्रेयसे ।
अत्रोन्मूलयितुं त्वधर्ममवितुं साधूंश्च धर्मं शुभं ध्याये तं हरिमीश्वरेश्वरमहं सद्बुद्धिदं सर्वदा ॥१॥

"જે શ્રીહરિ સર્વ ઈશ્વરોના પણ ઈશ્વર છે. પોતાના અક્ષરધામમાં સદા દિવ્યરૂપે બિરાજે છે. મુક્તપુરુષોના અનંત મંડળો જેમની સેવામાં આદરપૂર્વક સર્વદા પ્રસક્ત રહે છે. એ જ ભગવાન દયાએ કરીને આ ભૂમિ ઉપર વધેલા અધર્મને નિર્મૂળ નષ્ટ કરવા, સાધુજનો અને શુભ ધર્મનું સંરક્ષણ કરવા તેમજ સર્વજનોનું શ્રેય કરવા ધર્મદેવથી ભક્તિદેવીના પુત્રરૂપે પ્રગટ થયા છે; તે સર્વેશ્વર શ્રીહરિનું હું સદાય ધ્યાન કરું છું." - **સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી.** (શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૧/૧)

**'ઉમીદો કી દુનિયા હર ઈન્સાન ચાહતે હૈ, મગર પાતે તો વહી હે જો તકદીર લાતે હૈ.'**

➠ જગતનો વારસો જાળવવો એ તો સરળ હોય છે, પરંતુ **સત્સંગનો વારસો** જાળવવો બહુ કઠિન હોય છે.

➠ આ જગતમાં પરમાત્માને પામવા માટે વિધ વિધ શાસ્ત્રો છે, પણ **'શ્રીમદ્ સત્સંગિજીવન'** શાસ્ત્ર તો અદ્વિતીય ગ્રંથ છે.

➠ જેમ કોઈપણ વ્યક્તિ ગમે તેટલી મહાન સત્તાધીશ વ્યક્તિ હોય તે આપણી સાથે બેસીને વાત કરતા હોય કે ખાતા-પીતા હોય, પરંતુ જ્યાં સુધી તેઓની **ખરી ઓળખાણ** નથી થઈ ત્યાં સુધી તેઓની **મહાનતા** સમજાતી નથી. પરંતુ જ્યારે આપણને ખબર પડે કે, આ વ્યક્તિ તો અમેરિકાના પ્રેસિડન્ટ છે, ભારતના વડાપ્રધાન છે - આવું જાણ્યા પછી તેઓ પ્રત્યેનું વલણ બીજી રીતનું થઈ જાય છે. આની પાછળનું કારણ શું ? તો તેઓની મોટાઈ આપણે સમજી ગયા છીએ, આપણને જ્ઞાન થઈ ગયું કે આ વ્યક્તિ તો આખા દેશનો **પ્રમુખ** છે. તેવી રીતે આ 'શ્રીમદ્ સત્સંગિજીવન' શાસ્ત્ર પણ પ્રથમ તો એક બીજા સામાન્ય પુસ્તક જેવું જ લાગે, તેથી વાંચન-પઠન કરવામાં મન ન લાગે. કારણ કે, શાસ્ત્રનો મહિમા જણાયો નથી. જેમ દેશના સત્તાધીશોની ઓળખાણ જ્યાં સુધી આપણને થઈ ન હતી ત્યાં સુધી તેઓને આપણે સામાન્ય વ્યક્તિ જેવા સમજતા હતા, પરંતુ બીજા વ્યક્તિએ તેઓની ઓળખાણ આપી ત્યારે આપણને તે વ્યક્તિ પ્રત્યે સામાન્ય મનુષ્યની બુદ્ધિ હતી તે જતી રહી. તેવી રીતે જ શ્રી સત્સંગિજીવન શાસ્ત્ર બીજા સામાન્ય પુસ્તક જેવું જ લાગે, પરંતુ સત્પુરુષો દ્વારા તેની ઓળખાણ થઈ જાય તો તેમાં કલ્યાણકારી **પૂજ્યબુદ્ધિ** થાય છે.

એક **ભરવાડ** ચાલ્યો જતો હતો. ત્યાં તેને **હીરો** હાથ આવ્યો. તેણે તેને રૂપાળો કટકો જાણીને પોતાની બકરીની કોટે બાંધ્યો. એક વાણિયાએ બકરીની ડોકમાં આ અમૂલ્ય હીરો જોયો. વાણિયો ચતુર એટલે તેણે ભરવાડ પાસેથી હીરા સોતી બકરી પાંચ રૂપિયામાં ખરીદી લીધી. પછી હીરો કાઢી લઈ બકરી છોડી મેલી. પછી તેણે તે હીરો એક ઝવેરીને બસો રૂપિયામાં વેચ્યો. બસેંવાળાએ હજારમાં દીધો. હજારવાળાએ દશ હજારમાં દીધો. એમ ને એમ ચડતાં લાખ રૂપિયામાં હીરો વેચાયો. લાખવાળે કોઈક શાહુકાર પાસે જઈને કહ્યું જે, 'આ હીરો તમારે રાખવો છે ?'

ત્યારે શાહુકાર તે હીરો જોઈ બોલ્યો જે, 'સો મજૂર કરો ને દી ઊગ્યાથી તે દી આથમ્યા સુધી જેટલું દ્રવ્ય લઈ જાઓ તેટલું તમારું.' ત્યારે ગામમાં હાહાકાર થયો કે, 'શાહુકારે ખજાનો લૂંટાવી દીધો.'

પછી તે શાહુકારના બાપને લોકોએ વાત કરી. શાહુકારના બાપને વિશ્વાસ હતો કે, 'મારો પલોટેલો પુત્ર ભૂલ ન કરે.' તેણે તેના દીકરાને પૂછ્યું : 'તે શું જણસ લીધી ?' ત્યારે તેણે કહ્યું : 'આ હીરો લીધો છે.' ત્યારે તેણે તો જોઈને કહ્યું : 'મફત પડાવી લીધો. એક દિવસની કમાણી પણ દીધી નહિ.'

લોકોને થયું કે, બાપ અને દીકરો બેય ગાંડા થઈ ગયા લાગે છે. જ્યારે **શરદપૂર્ણિમા** આવી ત્યારે તે મોટા શાહુકારે નગરજનોને પોતાને ત્યાં અગાશી ઉપર બોલાવ્યા. સોનાની થાળીમાં આ હીરો મૂક્યો. રાતના બાર વાગે ચંદ્રના સીધાં કિરણો આ હીરા ઉપર પડ્યાં ત્યારે તેમાંથી તેવા અસંખ્ય હીરાઓ નીકળ્યા. નગરજનો આશ્ચર્ય પામ્યા. શાહુકારે દરેકને એક-એક હીરો આપતા કહ્યું :



"**આ**પણને મહાન સમ્રાટ **'શ્રીમદ્ સત્સંગિજીવન'** ગ્રંથ પ્રાપ્ત થયો છે તોપણ એ ગ્રંથનો મહિમા સમજવામાં કચાશ રહી જાય છે. આપણે એમ માનીએ છીએ કે, પિતૃઓનો મોક્ષ તો જ થાય જો એમના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત કે રામાયણની કથાનું પારાયણ કરવામાં આવે. કેટલી બધી આપણી અજ્ઞાનતા છે ? યાદ રાખજો - તમામ સત્શાસ્ત્રો જીવાત્માની મુક્તિ કરે છે. શ્રીમદ્ ભાગવતની કથાપારાયણથી **ગોલોકધામ**ની પ્રાપ્તિ થાય, રામાયણની કથાપારાયણથી **વૈકુંઠધામ**ની પ્રાપ્તિ થાય અને શ્રીમદ્ સત્સંગિજીવનની કથાપારાયણથી **'અક્ષરધામ'**ની પ્રાપ્તિ થાય છે."

"જુઓ, આ હીરો **ચંદ્રકાંતમણિ** છે, તેની કિંમત અમૂલ્ય છે."

તમોને વાત સમજાય ગઈ હશે ! એક જ હીરો, તેનો તે હીરો, છતાં પણ તેની કિંમત પાંચ રૂપિયાથી લઈને શાહુકારે ખજાનો લૂંટાવી દીધો ત્યાં સુધી થઈ ! તો તેનું કારણ શું ? હીરાના પારખનારામાં ફેર હતો.

આ **દૃષ્ટાંત**નો સારાંશ-**સિદ્ધાંત** એ છે કે, શ્રી સત્સંગિજીવન ગ્રંથ તો એનો એજ છે, પરંતુ મહિમા સમજનારાઓમાં ફેર છે. જેમ શાહુકારે હીરાની કિંમત અમૂલ્ય ગણી અને ગામડાના વાણિયે પાંચ રૂપિયા કરી; એજ રીતે આપણે પણ **સર્વ શાસ્ત્રોમાં શિરમોડ** શ્રી સત્સંગિજીવનરૂપી હીરાનું **મૂલ્ય** ગામડાના વણિક જેવું સમજીએ છીએ કે કેમ ? એ તપાસવું જોઈએ.



> "**મા**નવતાને ગ્રહણ કરે એટલે વ્યસન જતા રહે, કુટેવો જતી રહે, સ્વભાવો પણ જતા રહે. જ્યારે જીવનમાં માનવતા પ્રવેશ કરે ત્યારે ભક્ત થવું કઠણ નથી, પણ બહુ સરળ છે."

➠ જ્યારે જીવાત્મા પાપ કરે છે અને તે પાપ પ્રારબ્ધ બનીને ભોગવવાનો વારો આવે છે ત્યારે આખું જગત રડતું હોય છે. પરંતુ આ ગ્રંથ તો એટલો મહાન છે કે જીવાત્મા જ્યારે આ ગ્રંથની કથા શ્રવણ કરવાનો પ્રારંભ કરે છે ત્યારે સર્વે પાપો જ ભેગા થઈને રડવા લાગે છે. 'स्वन्ति सर्वपापानि त्वेतस्य श्रवणक्षणे । अस्माकं प्रलयं सद्यः कथेयं हा ! करिष्यति' ॥ - આ કથા સાંભળવાની શરૂઆતની ક્ષણમાં જ **અનેકવિધ પાપો** રૂદન કરવા લાગે છે કે અરે...રે ! આ કથા તો આપણો સર્વેનો પ્રજળાવીને તત્કાળ **વિનાશ** કરી નાખશે.

➠ **'બિનુ સત્સંગ વિવેક ન હોઈ...'** - સત્સંગ અને કથાવાર્તાથી જ વિવેકનું પ્રાગટ્ય થાય છે. કયો વિવેક ? તો લૌકિક અને પરલૌકિક - આ બંને વિવેક આવે છે.

➠ વિશ્વમાં કોની સાથે કેવો વ્યવહાર કરવો એ વિવેક પણ સત્સંગથી આવે છે. સત્સંગ-કથાવાર્તાથી દિવ્યગુણોની પ્રાપ્તિ થાય છે. આ લોક અને પરલોકમાં સુખી થવાનું જો કોઈ માધ્યમ હોય તો એ કથા અને સત્સંગ છે. કારણ કે, સત્સંગ દ્વારા પરમાત્માના દિવ્યચરિત્રોનું શ્રવણ કરતા માણસને માનવ બનતા આવડે છે. અને માનવ બની ગયા પછી ભક્ત થવું કઠણ નથી.

➠ માનવતાનો જે ઢાળ ચડવો એ બહુ ગહન છે. યાદ રાખજો ! માનવતા ધર્મનો સ્વીકાર કરે તો એ **'ભક્ત કક્ષા'**ની બહુ જ નજીક જતો રહે; એ જ **'માણસ.'**

➠ માનવતાને ગ્રહણ કરે એટલે વ્યસન જતા રહે, કુટેવો જતી રહે, સ્વભાવો પણ જતા રહે. જ્યારે જીવનમાં માનવતા પ્રવેશ કરે ત્યારે ભક્ત થવું કઠણ નથી, પણ બહુ સરળ છે.

➠ 'કેવી રીતે મારે જીવન જીવવું જોઈએ' એ જ્ઞાન પણ વ્યક્તિને સત્સંગ-કથાવાર્તાથી જ થાય છે.

➠ કથામાં જો ધ્યાનની સ્થિતિ પ્રાપ્ત ન થાય તો કથા આપણને સંપૂર્ણતઃ લાભ પ્રાપ્ત કરાવી ન શકે.

➠ ધ્યાન કોને કહેવાય ? એનો વિરોધાભાસ તમે સમજશો એટલે ધ્યાનનો અર્થ સમજાશે. ક્યારેક કોઈ પગની પલાઠી વાળી બે હાથ ખોળામાં લઈને બેઠો હોય, પણ મન બીજે ક્યાંક ભમતું હોય, તો એ ધ્યાન નથી - બેધ્યાન છે. પરંતુ ભલે વ્યક્તિ ચાલ્યો જાય છે, પરંતુ વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં એકાકાર બનેલી છે, તો ચાલતા ચાલતા પણ એ ધ્યાન છે. એટલે ધ્યાનનો અર્થ - એકાગ્રતા ! ધ્યાનની સ્થિતિ ભક્ત જ્યારે પ્રાપ્ત કરી શકે ત્યારે કથાનો અધિકારી બની શકે.

➠ આપણા મનમાં સંકલ્પ થશે કે, શ્રવણ કર્યા પછી **મનન શા માટે ?** મનન એટલા માટે કે, સંપૂર્ણ કથા તો સારી જ છે - પણ એમાંથી પોતાના અંગને જે મળતું આવે છે એટલું જ ગ્રહણ કરવું. અને બાકીની જે કથા છે એ બીજા ભગવાનના ભક્ત માટે છે - એમ જે વિભાગ કરવો એને મનન કહેવાય.

➠ મનન પછી નિદિધ્યાસ ! મનન કર્યા પછી એની આલોચના જાગે કે, આમ કરે જ છૂટકો છે.

➠ કથામાંથી શ્રવણ કરવામાં આવ્યું કે, બજારું ભોજનાદિ વસ્તુથી અંતઃકરણની શુદ્ધિ ન થાય. અંતઃકરણની શુદ્ધિ વિના સદ્‌વિચાર પ્રગટ ન થાય અને શુદ્ધ વિચાર વિના પરમાત્મામાં પ્રેમ ન થાય. પ્રભુમાં પ્રેમ થયા વિના વાસના ન બળે. કથામાંથી વાત સાંભળી મનમાં એમ થયું કે, હું ૨૫ વર્ષથી આ સત્સંગમાં છું, અને બજારું વસ્તુનો ઉપયોગ કરું છું. મારે માટે આ વાત ધિક્કારને પાત્ર છે. આ વાત જો વ્યક્તિના જીવમાં ઉતરી જાય તો એ **'મનન'** થયું કહેવાય.

➠ ગમે તેવા અવરોધો આવવા છતાં પણ જો ન ખાવાની વસ્તુ ન ખાય, તો એનું નામ **'નિદિધ્યાસ.'**

➠ શ્રવણ શ્રેષ્ઠ હોય તો મનન થાય, મનન શ્રેષ્ઠ હોય તો નિદિધ્યાસ થાય અને નિદિધ્યાસ હોય તો **'સાક્ષાત્કાર'** થાય.

➠ કદાચ ૫૦ ઈંચ વરસાદ વરસી જાય, પરંતુ

બોટલને તમે ઢાંકણું મારીને ખુલ્લા મેદાનમાં મૂકી હોય, ગામના ગામ તણાય તેટલો વરસાદ પડે તોપણ બોટલમાં એક ટીપું પાણી ન આવે. તેમ કથા તો મહાન છે, એનો મહિમા પણ મહાન છે. પરંતુ એનો લાભ ક્યારે પ્રાપ્ત થાય ? જ્યારે ધ્યાનની સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે લાભ પ્રાપ્ત થાય છે.

➠ કોઈ દાન-વ્રત-તપ આદિક અનેક સાધનાઓ કરે, કોઈ કથા શ્રવણ કરનાર કથાનું પ્રેમથી શ્રવણ કરે - આ બંનેને અલગ અલગ પાસામાં મૂકવામાં આવે તો કથાનું પ્રેમથી શ્રવણ કરનાર ભક્ત જ શ્રેષ્ઠ ગણાય છે.

➠ અન્ય વ્યક્તિના અવલોકનની વાત જવા દો કે, આ ભગવાનનો ભક્ત હશે કે નહિ હોય - પરંતુ સ્વયંની જાતને તપાસવી હોય તો કથાના માધ્યમથી જ તપાસી શકાય છે કે 'હું ભગવાનનો ભક્ત છું કે કેમ ?'

➠ હું ભગવાનનો ભક્ત છું કે કેમ ? અન્ય કોઈ બીજી વ્યક્તિ ભગવાનનો ભક્ત છે કેમ ? એ તપાસવું પણ બહુ ગહન હોય છે. શક્ય છે કે દારુડીયો પણ ભગવાનનો એકાંતિક ભક્ત હોઈ શકે ! માંસાહારી પણ ભગવાનનો એકાંતિક ભક્ત હોઈ શકે ! હોઈ શકે - માને કે, તે ભક્ત થવાની શક્યતા ધરાવતો હોય. અને તેવી વ્યક્તિ ભગવાનનો ભક્ત થશે કે કેમ તે સત્સંગ-કથામૃત દ્વારા જ ખબર પડે છે.

➠ જેને ભગવાનની કથામાં પ્રીતિ નથી, તેનામાં ગમે તેટલા સાધનો દેખાતા હશે, તોપણ એ છાજા ઉપરના છોડ હશે. છાજા ઉપર છોડ ગમે તેટલો લીલોછમ દેખાતો હોય પણ અઠવાડીયું તડકો થાય તો લંઘાણા વિના ન રહે. પરંતુ ખેતરના મધ્યભાગે ઊભેલો આંબો કદાચ આપણને એક ઈંચ પણ વધતો ન દેખાતો હોય, પણ ઉનાળો ગમે તેટલો પડે તોપણ એમાંથી એક પણ પાંદડું ખરે નહિ. અને કદાચ ચોમાસાની ઋતુમાં રોપેલો અષાઢ મહિનાનો ભીંડો રોજ ચાર-ચાર ઈંચ વધતો જણાય, એક-બે મહિનામાં તો આંબાના વૃક્ષને પાછળ રાખી દેવા સમર્થ જણાય. આંબાને પણ કહેવા ભીંડો આતુર હોય છે કે, 'એય આંબા ! હટી જા, નહિ તો તારી ડાળને ફાડીને બહાર નીકળી જઈશ.'

નિત્ય ચાર-ચાર ઈંચ વધતો જતો હોય તેમ છતાંય ભાદરવા મહિનાના આઠ દિવસ તડકા પડે તો ભીંડો લજવાયને હેઠો પડી જાય. તેમ કથા સિવાય ગમે તેટલા શ્રેષ્ઠ ગુણો દેખાતા હોય તોપણ એ છાજા પરના છોડ જેવા છે. કથા જેને ગમે છે એ તો ખેતરના મધ્યભાગે ઊભેલો આંબો છે. એ કદાચ વધતો નહિ દેખાય પણ એના મૂળ બહુ ઊંડા છે.



**"'સ્વ'ને માટે જીવવું એ બહુ સામાન્ય વાત છે, 'સ્વ' ને માટે તો આખું જગત જીવે છે. જીવપ્રાણી માત્ર 'સ્વ' માટે જ જીવે છે, પરંતુ એને જ શ્રેષ્ઠ કહી શકાય કે, જે પોતાને માટે તો જીવતો હોય પણ સાથે સાથે બીજાને માટે પણ જીવતો હોય."**

➠ તમે વ્યાપક દૃષ્ટિ કરશો તો ખ્યાલ આવશે કે, કથાવાર્તાના અંગવાળા ભક્તોને જ વઢીને, દુઃખવીને કહેવામાં આવશે તોપણ તે પોતાની ભૂલ હશે તેમાં તુરંત ફેરફાર કરશે.

**'સત્સંગનો કૃષ્ણકથા જ પાયો, જો તે કદાપિ નબાળો જણાયો;**
**સત્સંગરૂપી શુભ તો હવેલી, પડી જવાની ગણવી જ વહેલી.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૧૦/૧૧)

➠ આપણે આપણી ભાષાથી જીવનને સુંદર સમજશું ત્યાં સુધી થાપ ખાઈ જશું. જીવનને શાસ્ત્રોની ભાષાથી સુંદર અને સુઘડ બનાવતા શીખીએ. શાસ્ત્રોની ભાષાથી જ્યારે જીવન સુખમય બનશે, પછી કદાચ આખુંય જગત નિંદા કરતું હશે તોપણ મુક્તિ થઈ જશે. અને આપણી ભાષાથી આપણે જીવનને સુંદર સમજતા હશું, લોકો આપણા વખાણ પણ કરતા હશે, તેમ છતાંય મુક્તિ દુર્લભ બનશે.

➠ 'સ્વ'ને માટે જીવવું એ બહુ સામાન્ય વાત છે, 'સ્વ'ને માટે તો આખું જગત જીવે છે. જીવપ્રાણી માત્ર **'સ્વ'** માટે જ જીવે છે, પરંતુ એને જ શ્રેષ્ઠ કહી શકાય કે, જે પોતાને માટે તો જીવતો હોય પણ સાથે સાથે બીજાને માટે પણ જીવતો હોય.

➠ જે વિચારમાં, જે સંકલ્પમાં અને ક્રિયામાં પોતાનું જ હિત હોય એમ નહિ, સાથે સાથે અનંત જીવાત્માઓનું હિત સમાયેલું હોય એને **'શ્રેષ્ઠ'** કહેવાય. કથાવાર્તાને શ્રવણ કર્યા પછી ભક્તજનોએ પોતાના માટે તો જીવન જીવવું સાથે સાથે અન્યનું રૂડું થાય એવું પણ જીવન જીવવું જોઈએ.

➠ સજ્જન પુરુષોને એ જ ક્રિયા ગમશે કે જે ક્રિયામાં અનંત આત્માઓનું **હિત** છુપાયેલું હશે.

➠ આપણને મહાન સમ્રાટ **'શ્રીમદ્ સત્સંગિજીવન'** ગ્રંથ પ્રાપ્ત થયો છે તોપણ એ ગ્રંથનો મહિમા સમજવામાં કચાશ રહી જાય છે. આપણે એમ માનીએ છીએ કે, પિતૃઓનો મોક્ષ તો જ થાય જો એમના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત કે રામાયણની કથાનું પારાયણ કરવામાં આવે. કેટલી બધી આપણી અજ્ઞાનતા છે ? યાદ રાખજો - તમામ સત્શાસ્ત્રો જીવાત્માની મુક્તિ કરે છે. શ્રીમદ્

ભાગવતની કથાપારાયણથી **ગોલોકધામ**ની પ્રાપ્તિ થાય, રામાયણની કથાપારાયણથી **વૈકુંઠધામ**ની પ્રાપ્તિ થાય અને શ્રીમદ્ સત્સંગિજીવનની કથાપારાયણથી **'અક્ષરધામ'**ની પ્રાપ્તિ થાય છે.

➠ સમાજમાં અમુક વાતો સમજ્યા વિના ચાલતી હોય છે. મોટા સંતો કહેતા : "ઘેટાના ટોળાં જેવી પદ્ધતિ જગતમાં બહુ હોય છે. એક ઘેટું ચાલે અને તે જે ક્રિયા કરે તે પ્રમાણે ટોળાંના બધા જ ઘેટાઓ તે પ્રમાણે જ અનુસરે છે." આપણી સ્થિતિ પણ કાંઈક એવી જ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત હોય તેમને 'અક્ષરધામ'માં જ જવું છે તેવો **લક્ષ્ય** હોય છે. પરંતુ આપણે પ્રત્યક્ષ ઈષ્ટદેવના ગ્રંથો સિવાય અન્યની કથાપારાયણ કરવામાં આવે તો શું સ્થિતિ થાય તે કહેવાની જરૂર નથી. ભગવાનનો ભક્ત ભગવાનને જ પામે છે, પરંતુ રખેને કચાશ રહી જાય જેથી કરીને એમના મોક્ષાર્થે કથાપારાયણ કરવામાં આવે. અને કથાની તાકાત છે કે અવશ્યમેવ એ ભક્તની મુક્તિ કરે છે. પણ એ ભક્તને શ્રીમદ્ ભાગવત કે રામાયણની કથાપારાયણથી પ્રાપ્તિ શેની થાય? એ પિતૃઓની સ્થિતિ શું સર્જાય? જરા વિચાર કરજો. એ પિતૃઓને જવું છે અક્ષરધામમાં અને ઉતરવું પડ્યું ગોલોક કે વૈકુંઠમાં!! જેમ કોઈ વ્યક્તિને જવું હતું અમેરિકા અને વચ્ચે કુવૈત કે અન્ય દેશમાં ઉતારી દે - એવી સ્થિતિનું નિર્માણ થાય.

➠ સૂફી સંત **હૈહૈયા** મનુષ્ય દેહની **ઉપયોગીતાનું દર્શન** કરાવતા કહે છે : "પરમાત્માએ આંખો આપી છે, તે આંખે કરીને ભગવાનના દર્શન ન કરી શકાય તો એ આંખ દેખે છે એના કરતા એ અંધ થઈ જાય એ જ શ્રેષ્ઠ છે. આ કાને કરીને ભગવાનના દિવ્યચરિત્રોનું શ્રવણ ન થાય તો એ કાન સાંભળે છે એના કરતા બહેરા બની જાય એ જ શ્રેષ્ઠ છે. આ હાથે કરીને ભગવાનની સેવા ન થાય તો આ હાથ ઠુંઠા થઈ જાય એ જ યોગ્ય છે. અને આ પગે કરીને પ્રભુના મંદિર સુધી ન જવાય તો એ પગ લંગડા થઈ જાય એ જ યોગ્ય છે. અમૂલ્યવાન અદ્‌ભુત મનુષ્યદેહ મળ્યો છે, અને આ દેહે કરીને જો પરમાત્માનું ભજન ન થાય તો એ હાલે છે, ચાલે છે, ખાય છે, પીવે છે, જીવંત છે એના કરતા મડદું થઈ જાય એ જ **શ્રેષ્ઠ** છે."

**'કરોડો દાન દેતા મોંઘો મનુષ્ય દેહ મળતો નથી,**
**તે પણ વૃથા કહેવાય જો હરિચરણમાં હળતો નથી.'**

➠ મનુષ્યદેહનું મુખ્ય કર્તવ્ય એ છે કે પરમાત્માના સ્વરૂપમાં પ્રીતિ કરવી. કરોડો રૂપિયા ખર્ચ્યા પછી પણ જેની પ્રાપ્તિ દુર્લભ છે. એ દુર્લભ પ્રાપ્તિ ક્યારે **સાર્થક** થાય ? એને શા માટે દુર્લભ કહી શકાય ? કારણ કે આ દેહે કરીને જ ભગવાનનું ભજન થઈ શકે છે. અને જો પરમાત્માનું ભજન ન થાય તો કરોડો રૂપિયા દેતા પણ જે મનુષ્યદેહ ન મળે, એ પણ વૃથા છે.

ભરતખંડમાં મનુષ્યદેહ પામવો તે અતિ દુર્લભ છે અને ચિંતામણિ તુલ્ય છે. જે દેહને ઈંદ્રાદિક દેવતાઓ પણ ઈચ્છે છે. તે દેવતાઓને વિષય, વૈભવ, વિલાસ અને આયુષ્ય તે તો મનુષ્ય થકી ઘણું અધિક છે, પરંતુ ત્યાં મોક્ષનું સાધન નથી થતું. તે તો ભરતખંડને વિષે મનુષ્યદેહ પામ્યા થકી જ થાય છે તે વિના બીજે કોઈ ઠેકાણે અને કોઈ દેહને વિષે થતું નથી. એ હેતુ માટે સર્વ લોકથી મૃત્યુલોકમાં ભરતખંડને વિષે મનુષ્યનો દેહ પામવો તે અધિક છે, તેને તુલ્ય બીજું કોઈ ચૌદ લોકમાં સ્થાનક નથી.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની **વાતો**માં કહે છે : "પેટનુંય કરવું, વેઠનુંય કરવું અને સાથે સાથે ઠેઠનું પણ કરવું. એને ભૂલી ન જવું." આ જગતમાં તમે વ્યાપક દૃષ્ટિ નાખશો તો ખબર પડશે કે, આખુંય જગત પલાઠી વાળીને બેઠું નથી. બધા દોડધામ કરે છે. તેના કારણમાં કાં પેટ હશે, કાં વેઠ હશે. ઠેઠની વાત તો કોઈક ભાગ્યશાળી પુરુષને સમજાય છે.

ભગવાન શ્રીહરિ આપણને સાવધાન કરતા ગઢડા અંત્ય પ્રકરણના ૩૦મા **વચનામૃત**માં કહે છે :- "આપણે દેહને મૂકીને જરૂર મરી જવું છે ને તેનો વિલંબ નથી જણાતો, એ તો એમ જ નિશ્ચય જણાય છે જે, આ ઘડી આ ક્ષણમાં આપણે મરવું છે... આપણે મરીશું તેમાં આટલું કામ તો આપણે કર્યું છે ને આટલું બાકી છે."

**'ક્યોં આયે હમ ક્યાં કરતે હૈ ક્યાં કરના હૈ સમજ લે જીવડા, એ દો દિન કી જિંદગી અપને પથપે ચલો જીવડા.'**

'આ બે દહાડાની જિંદગી મળી છે. આમાં તું તારું કામ કાઢી લે. અને યાદ રાખજે કે, તારું કામ તારે જ કરવું પડશે. પાડોશી નહિ કરે દે, પુત્ર-પરિવાર એ કોઈ જ નહિ કરી દે. ભજન અને ભોજન સ્વયં જાતે જ કરવું પડે. માટે ડાહ્યા ને સાવધાન બનીને શ્રેયની બાબતમાં લેશમાત્ર કચાશ રાખીશ નહિ.'

➠ સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની **વાતો**માં કહે છે : "કરોડ કામ બગાડીને પણ મોક્ષ સુધારવો, ને કદાપિ કામ સુધાર્યા ને એક મોક્ષ બગાડ્યો તો શું કર્યું ?" એક મોક્ષ બગડ્યો તો બધું જ બગડી ગયું. અને જો કરોડો કામ બગડ્યા ને એક મોક્ષ સુધરી ગયો તો બધું જ સુધરી ગયું. કારણ કે મનુષ્યની મોટામાં મોટી કોઈ જો કસોટી હોય તો એ છે **'મૃત્યુ.'** મોત જેવી બીજી કોઈ મોટી કસોટી નથી. મૃત્યુ સુધારવા જેવું કોઈ મોટું કામ નથી અને મૃત્યુ બગાડ્યા જેવું કોઈ મોટું ગાંડપણ નથી. સ્વામી **રામતીર્થ પરમહંસ** કહેતા :- **'જબ સે મૈને સુના હૈ કી જિંદગી કા નામ મૌત હૈ, તબ સે મૈં વહી કાતિલ કો ઢૂંઢતા ફિરતા હું.'** જ્યારથી મેં સાંભળ્યું છે કે, જિંદગીનું નામ જ મોત છે ત્યારથી એને સુધારવા માટે રાત્રિ-દિવસ મહેનત કરું છું. જેની 'આ ઘડી' સુધરશે એની જ 'અંતિમ ઘડી' સુધરશે. જેનું જીવન સુધરે એનું જ મૃત્યુ સુધરે. જે જીવનને દિવ્ય બનાવી શકે એનું જ મૃત્યુ **દિવ્ય** બની શકે.

➠ જીવનમાં સારા સ્વભાવની બહુ જરૂર પડશે. આ લોકમાં જેટલા જેટલા જીવનમાં સફળ થયા છે, એ તમામ સારા સ્વભાવને અવલંબને કરીને સફળ થયા છે. અને ઘણી બધી શક્તિ, ઘણી બધી સામર્થી પ્રાપ્ત થયા પછી પણ જીવનમાં જેટલા જેટલા નિષ્ફળ ગયા છે એની પાછળ સ્વભાવ જ કારણભૂત હશે.

➠ જીવનમાં સ્વભાવ જ પ્રગતિનું કારણ છે અને સ્વભાવ જ વ્યક્તિનું પતનપણાનું કારણ બને છે. અધોગતિ અને ઉર્ધ્વગતિ એ બંનેનો આધાર સ્વભાવ ઉપર જ છે. સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની **વાતો**માં કહે છે : "મનુષ્ય દેહનું ફળ તો સારાનો સંગ ને સ્વભાવ ટળે એટલું જ છે." ઘણીવખત સમાજમાં જોવા મળે છે કે, સામર્થ્યવાન વ્યક્તિ પણ જીવનમાં નિષ્ફળ જાય છે અને સામાન્ય કક્ષા ધરાવતી વ્યક્તિ જીવનમાં બહુ મોટી સફળતાને પ્રાપ્ત કરે છે, તેનું કારણ સ્વભાવ જ હોય છે.

➠ સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** કહે છે : "તપાસીને જુએ તો જીવ કેવળ પ્રકૃતિને જ ભજે છે, પણ દેહગુજરાન પર સૂરત રહેતી નથી અને અવશ્ય હોય એટલું તો કરવું પડે, પણ આ તો પ્રકૃતિને વશ થઈને બોલે છે, સાંભળે છે, જુએ છે, ખાય છે, ફરતો ફરે છે, બેસી રહે છે, સૂઈ રહે છે ઈત્યાદિક સુવાણ કરે છે..."

➠ **'ભગવદ્ ગીતા'** પણ કહે છે : 'न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः । न कर्मफलसंयोग स्वभावस्तु प्रवर्तते ।।' - પરમાત્મા જીવ-પ્રાણીઓના કર્તપણાના, કર્મના ફળને કે કર્મને સર્જતા નથી. પ્રકૃતિ જ તેને તે કરવા પ્રેરે છે. (૫/૧૪) આવી પ્રકૃતિ, સ્વભાવની જડ જીવમાં ખૂબ ઊંડે ખૂંચીને પડેલી છે.

➠ લજામણીના છોડને અડતાંવેંત લજાઈ જાય છે તેમ સ્વભાવને કોઈ અડે કે તરત ઝળકી ઊઠે. સ્વભાવ શબ્દમાં અક્ષરો તો માત્ર સાડા ત્રણ જ છે, પરંતુ તેમાં ચૌદ લોકમાં, સૌ કોઈને સ્વેચ્છા પ્રમાણે નમાવવાની અને નચાવવાની આશ્ચર્યજનક શક્તિ રહેલી છે. માણસના પોતાના મનની સ્થિતિ અનુસાર સારા-નરસાપણું એટલે કે સ્વભાવ ઓળખાય છે. આપણે કહીએ છીએ કે, 'આ માણસ સારો છે' તેનું કારણ એ છે કે તેનો સ્વભાવ સારો છે. 'આ માણસ ખરાબ છે' એમ કહેવાય છે તે તેના ખરાબ સ્વભાવથી જ તો.

➠ ચાણક્યનીતિ મુજબ સરસ-સરળ સ્વભાવવાળાને સહન કરવાનું વિશેષ રહે છે, પણ તે કશી ફરિયાદ વગર હેતથી બધું જ સહન કરે છે. આ જ તેનું સરસ સ્વભાવપણું - સાધુ-સ્વભાવપણું છે. આવા મનુષ્યો જ લોકમાં સ્નેહપાત્ર અને આદરપાત્ર બને છે. કોઈ હોંશિયાર હોય પણ સ્વભાવનો વાંકો હોય તો તેને કોઈ પૂછતુંય નથી. તેના માટે કોઈને હેત કે આદર પ્રગટ થતો જ નથી. આમ, મનુષ્યોની ઓળખનું મુખ્ય સાધન તેના સ્વભાવ જ બને છે. ગોસ્વામી **તુલસીદાસજી** કહે છે : **'તુલસી ઈસ સંસારમેં, ભાતભાત કે લોગ.'** - આ ચોપાઈ મનુષ્યસ્વભાવની પાર વિનાની વિચિત્રતાઓ અને વિવિધતાનો પડઘો પાડે છે. જેમ બીજમાંથી કોંટા ફૂટે તેમ કામ, ક્રોધ, લોભ, માન, સ્નેહ - એ મૂળભૂત પ્રકૃતિઓ જીવ સાથે જડાણી છે. તેમાંથી બીજી અનેક નાની-મોટી પ્રકૃતિઓના ફણગા ફૂટતા રહે છે.

➠ જેને સુખી થવું હોય તેને **સ્વભાવ ઉપર ખૂબજ કંટ્રોલ** રાખવો. તેમાંય ખાસ કરીને જેને ઘડપણ આવી ગયું છે, માથા પર રહેલા કેશ કાળા મટીને સફેદ થઈ ગયા હોય તેવા લોકોએ સ્વભાવ ઉપર અતિશય કાબુ રાખવો જોઈએ. પોતાના હાથમાં સત્તા હોય ત્યાં સુધી ગમે તેવા હુકમ કરીએ તો વાંધો નહિ, પરંતુ જ્યારે સત્તા સરકવા માંડે પછી વ્યક્તિએ સાવધાન બની જવું જોઈએ. સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની **વાતો**માં કહે છે : "વળી જેને સુખિયા થાવું હોય તેને તો સોળ વર્ષનો છોકરો થાય કે તુળસીને પાંદડે કરકાને (સ્ત્રીને) અર્પણ કરવો એટલે થયું." દીકરાઓને પરણાવી દઈને પછી હરિભજન કરી લેવું. સ્વામી કહે છે કે, ગામડે ગામડે તે માટે મંદિરો કરાવ્યા છે. બે ટંક ઘરે રોટલા ખાવા જવું, પછી આખોય દિવસ મંદિરમાં બેસીને ભજન કરવું.

➠ ઘણા વૃદ્ધજનોની **ફરિયાદ** હોય છે કે, છોકરાઓ હવે સાચવતા નથી. પરંતુ છોકરાઓને બે રોટલી આપવી કાંઈ કઠણ નથી પડતી, પણ વડીલોના સ્વભાવ બહુ નડે છે. જેને સુખી થવું હોય તેને માટે એક ખાનગીમાં એક વાત બતાવું છું કે, તમોને ઘેર કોઈ મળવા આવે ત્યારે તમારે તેમની પાસે પુત્ર-પુત્રવધુના ગુણોનું વર્ણન કરવું : "મને તો શ્રવણ જેવો દીકરો મળ્યો છે, વહુબેટા દીકરીને પણ ભૂલાવી દે એવા છે. અમે તો પાણી માંગીએ ત્યાં દૂધ મળે છે." જો આટલું જ કરવામાં આવશે તો સુખ સુખના ઢગલા થઈ જશે. કારણ કે, જીવપ્રાણી માત્રને દુઃખનું કોઈ જો કારણ હોય તો સ્વભાવ અને જીભ છે.

**'સુવાક્યથી વિશ્વ બધુ વખાણે, કુવાક્યથી કીર્તિ જનો ન જાણે;**
**ચડે પડે જીભ વડે જ પ્રાણી, માટે વિચારીને ચાર ઉચ્ચાર વાણી.'**

વાણી વિસર્જનનું કાર્ય પણ કરે છે અને સર્જનનું પણ કાર્ય કરે છે. વ્યક્તિ પાસે જ્યારે સત્તા, બળ, હોદ્દો, ઐશ્વર્ય અને સંપત્તિની પ્રાપ્તિ થાય છે, ત્યારે તેના કેફમાં, દેહાભિમાનમાં પોતાની વાણીમાં અવિવેક આવે છે, તેથી તેનું વિસર્જન યા નાશ થાય છે.

➠ પરમાત્માએ માનવજાતિને વાણીની **અદ્દભુત ભેટ** આપી છે. પૃથ્વી ઉપર અર્થવાળા શબ્દોનું ઉચ્ચારણ માત્ર મનુષ્યો જ કરી શકે છે. વાણી દ્વારા મનુષ્યનો બાહ્ય વ્યવહાર ખૂબજ સરળ બન્યો છે. પરંતુ સાથે સાથે એના દુરુપયોગથી આંતરિક વ્યવહાર વિષમ બની જાય છે અને તેના કારણે પછી બાહ્ય વ્યવહાર પણ કલુષિત બની જાય છે. શબ્દો મનુષ્યને તારે છે અને શબ્દો જ મનુષ્યને મારે છે. આથી જ શબ્દોને તીરની ઉપમા

આપી છે એમ કહેવાયું છે કે, ભાથામાંથી નીકળેલું બાણ અને મુખમાંથી નીકળેલા શબ્દો ક્યારેય પાછા ફરી શકતા નથી. એ તો લક્ષ્યાંકે જઈને જ અટકે છે, પરંતુ શબ્દો તો બાણથી પણ ભયંકર છે; કેમ કે બાણથી વીંધાયેલો ઘા ઉપચારથી રુઝાઈ શકે છે. પણ શબ્દોથી વીંધાયેલું હૃદય ભાગ્યે જ રુઝાય છે.

➠ આપણા મહાન ગ્રંથ **મહાભારત**ની જ વાત લઈએ તો ઈન્દ્રપ્રસ્થ નગરનો દરબાર જોવા આવેલા દુર્યોધને જ્યાં પાણી હતું ત્યાં જમીન લાગતા, એ રીતે ચાલવા ગયો અને પડી ગયો ત્યારે ઝરુખામાં ઊભેલા દ્રૌપદી જોઈને હસી પડ્યા અને બોલ્યા : ''આંધળાના તો આંધળા જ હોય ને !'' આ વાક્ય દુર્યોધનના હૃદયમાં શલ્યની જેમ ખૂંચી ગયું અને તેનું પરિણામ ભરી સભામાં **દ્રૌપદી**ના વસ્ત્રાહરણમાં આવ્યું અને એમાંથી જ તો સર્જાયું મહાભારતનું યુદ્ધ. આવા કટુ વાક્યો કંઈકના જીવન બરબાદ કરી નાંખે છે.



"જગતમાં એક વાત પ્રસિદ્ધ થઈ ગઈ છે કે, સાચી વાત તો કડવી જ લાગેને ! પણ એવું નથી. સાચું પણ મીઠું લાગે. કહેવાની રજૂઆત આવડવી જોઈએ. સુખ કોને નથી જોઈતું ? સત્ય વાતમાં સુખ જ છૂપાયેલું હોય છે. પરંતુ કહેવાની પદ્ધતિ જ્યારે ન આવડે ત્યારે બધા વિકલ્પો ઊભા થાય છે."

➠ ઘણીવખત એવી **પરિસ્થિતિ** ઊભી થતી હોય છે કે **કડવું સત્ય** કહેવું પડે છે, તો આવા સમયે શું કરવું જોઈએ ? સાચી વાત જરૂર કહેવી જ જોઈએ પણ કઠોર શબ્દોમાં નહિ. પ્રેમપૂર્વક, કોમળતાથી જો સાચી વાત કહેવામાં આવે તો સામેના વ્યક્તિનું હૃદય વીંધાતું નથી, પરંતુ સાચી વાત સમજાતા તે આભારવશ બની જાય છે. એકની એક વાત મધુર ભાષામાં કઈ રીતે કહી શકાય તેનું દૃષ્ટાંત આ **સુભાષિત**માં જોવા મળે છે :- **'અંધાને અંધો કહીએ, વરવું લાગે વેણ; ધીરે રહીને પૂછીએ, ભાઈ શાથી ખોયા નેણ ?'**

અહીં વાત તો એકની એક જ છે, પણ પૂછવાની રીત અને ભાવ બદલાઈ જતા કડવાશ અને કઠોરતા મધુરતા અને કોમળતામાં પલટાઈ જાય છે. વાણી કેવી બોલવી જોઈએ, તે અંગે **સંતકવિઓ** સમજાવે છે કે :- **'બાની ઐસી બોલિયે, મનકા આપા ખોય; ઓરન કો શીતલ કરે, આપ હી શીતલ હોય.'** જે વાણી પોતાને અને સાંભળનારને શીતળ કરે એવી **મધુર વાણી** બોલવી જોઈએ. મધુરભાષી વ્યક્તિ સર્વને પ્રિય હોય છે. એવી વ્યક્તિની હાજરીમાં સમગ્ર વાતાવરણ પ્રસન્ન મધુર બની રહે છે. આવી વ્યક્તિની હાજરીમાં હળવાશ, પ્રસન્નતા અને શાંતિની અનુભૂતિ થાય છે. મધુર વચન બોલવામાં કંઈ કિંમત ચૂકવવી પડતી નથી. તેમાં કોઈ પરિશ્રમ કરવો પડતો નથી અને છતાં અનેકગણું વળતર મળી રહે છે - પ્રેમ, પ્રસન્નતા અને સદ્ભાવના રૂપે. ભાષા એ મનુષ્યનું મોટુ આભૂષણ છે

આપને કાગડાની વાણી ગમે કે કોયલની ? સ્વાભાવિક જ છે - કોયલની વાણી જ ગમે. કારણ કે, કોયલની વાણી મીઠી મધુરી છે. જ્યારે કાગડાની વાણી કર્કશ છે. એવું જ કાંઈક આપણા જીવનમાં પણ છે. જેમ ફૂલમાં સુગંધ ભળે તો જ એ ફૂલનું મૂલ્ય વધે, તેમ આપણી વાણીમાં વિવેક ભળે તો આપણું પણ મૂલ્ય વધે. તેથી જ કહ્યું છે કે, **'જેવી વાણી તેવી કમાણી.'**

અરસપરસ આત્મીયતાનું સર્જન કરવા માટે મહત્ત્વનો ભાગ ભજવતું પરિબળ એટલે વાણીમાં વિવેક. આજે સમાજમાં, દુનિયામાં, રાજકારણમાં, ઘરમાં, કુટુંબમાં વગેરે તમામ ક્ષેત્રોમાં ઝઘડા, કંકાસ અને અવિવેક. તેથી કહેવાય છે કે શસ્ત્રના ઘા રુઝાય છે, પરંતુ મનુષ્ય વેણના ઘા મારે છે, તે ઘા જીવનભર રુઝાતા નથી. આથી જ ઘણાંય કુટુંબમાં વાણીના અવિવેકથી તે પાયમાલ થઈ જાય છે. ભગવાનના ભક્તોએ **વાણી** અને **પાણી** એ બંને ગાળી-ગાળીને વાપરતા શીખવું જોઈએ. જીવનમાં વાણી બહુ મહત્ત્વની છે. જેમની વાણી મીઠી હશે એના જીવનમાં **સુખના ઢગલા** થશે.

➠ જગતમાં એક વાત પ્રસિદ્ધ થઈ ગઈ છે કે, સાચી વાત તો કડવી જ લાગેને ! પણ એવું નથી. સાચું પણ મીઠું લાગે. કહેવાની રજૂઆત આવડવી જોઈએ. સુખ કોને નથી જોઈતું ? સત્ય વાતમાં સુખ જ છૂપાયેલું હોય છે. પરંતુ કહેવાની પદ્ધતિ જ્યારે ન આવડે ત્યારે બધા વિકલ્પો ઊભા થાય છે.

➠ તમે કોઈ વ્યક્તિને એમ કહો કે, તું આમ નિયમો પાળ, આ રીતે ધર્મ સ્વીકાર. અને જો એમ તું કરીશ નહિ, તો તું જમપુરીમાં જઈશ. ત્યારે તે કહેશે કે, જાઉં તો હું જાઉં છું, તને શું વાંધો છે. પરંતુ જો પાસે બેસાડીને પદ્ધતિસરથી કહેવામાં આવે તો તરત સફળતા પ્રાપ્ત થાય છે. સાંભળનાર વ્યક્તિને આપણી વાત મનાશે અને તે પ્રમાણે વર્તવા તે તૈયાર પણ થશે.

સત્ય જરૂર કહો, પણ સત્યની સાથે મીઠાશનું જરૂર **અનુસંધાન** રાખવું. કોઈને ખરાબ દેખાડવા માટે સત્યનો પ્રયોગ ન કરો, પણ જીવાત્માના ભલાને માટે સત્યનો પ્રયોગ કરવો જોઈએ. આજે દુનિયામાં બીજાને ખરાબ દેખાડવા માટે સત્યનો પ્રયોગ કરાતો હોય છે, પરંતુ યાદ રાખજો કે, એ વાણીમાં

સત્ય દેખાતું હોવા છતાં પણ એ નર્યું જૂઠાણું જ છે. અહીં એક બાબતની **સ્પષ્ટતા** કરવી ઘટે છે કે, મધુરવાણી કહેવી એ ખુશામત નથી; ખુશામતની પાછળ સ્વાર્થ છે. કંઈ કામ કરાવી લેવાની વૃત્તિ દેખાય છે. બીજાને સાચુ લગાડવાની ભાવના છે. સ્વાર્થ માટે મીઠા મીઠા શબ્દો બોલવામાં આવતા હોય છે અને આ શબ્દો કેવળ જીભથી ઉચ્ચારાતા હોય છે, એમાં હૃદયનો ભાવ હોતો નથી. આવા ભાવિવહોણા શબ્દોનો કોઈ પ્રભાવ પડતો નથી. બીજાના હૃદય સુધી પહોંચતા નથી, ઉલટું સાંભળનારને એમાં સ્વાર્થની ગંધ આવી જતા એ શબ્દો સાંભળવા પણ ગમતા નથી. મધુર શબ્દો દ્વારા જો તે બોલનારના હૃદયની ઉદારતા, ચારિત્ર્યની પવિત્રતા પ્રગટ કરતા હોય તો જ તે અન્યના હૃદયમાં સીધા પ્રવેશે છે. આવા શબ્દોમાં જીવનને ઊંચે લઈ જવાની **પ્રચંડ શક્તિ** રહેલી હોય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ શિક્ષાપત્રીના ૨૬મા શ્લોકમાં કહે છે : **'स्वपरद्रोहजननं सत्यं भाष्यं न कर्हिचित् ।'** - અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું.

➠ ભગવાનના ભક્તોએ જીવપ્રાણી માત્ર સાથે **મૈત્રીભાવ** રાખતા શીખવો જોઈએ. અને જીવન જો આ રીતે જીવતા હશો તો એ જીવનનો આનંદ અલૌકિક હશે. જીવપ્રાણી માત્ર સાથે મૈત્રીભાવ રાખવો એ વાત શક્ય છે, અશક્ય નથી. હા, એ વાત અશક્ય છે કે, જગત આખું પોતાને મિત્ર સમજે.

ભગવાન કે અવતારો અને મહાપુરુષો જ્યારે આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે ત્યારે આખી દુનિયાની સાથે મૈત્રીભાવ જ કેળવે છે. કારણ કે, એ શક્ય છે. પરંતુ ભગવાન કે મહાપુરુષો પૃથ્વી ઉપર આવે તો પણ બધા તેઓને મિત્ર સમજે એ વાત અશક્ય છે. જગતને આપણે દિવ્યભાવથી જોઈ શકીએ. પરંતુ જગત આપણને દિવ્યભાવથી જોઈ શકે કે કેમ ? તે વાત અશક્ય છે તોપણ આપણે તો **દિવ્યભાવ** જ કેળવવો જોઈએ.

આ મૈત્રીભાવ, આ દિવ્યભાવથી જીવન જીવવામાં આવશે તો જીવનમાં **બહુજ હળવાશ** અનુભવાશે, નહિતર તો જીવન બોજારૂપ લાગવા માંડશે. પોતાને પોતાનું જીવન ભારરૂપ લાગવા માંડશે.

સત્સંગ મળ્યા પછી પણ આનંદની અનુભૂતિને બદલે દુઃખની અનુભૂતિ થતી રહેશે.

➠ શાસ્ત્રકારો કહે છે કે, સાધુનું હૃદય માખણ કરતા પણ કોમળ હોય છે. પરંતુ ગોસ્વામી **તુલસીદાસજી** કહે છે કે, સાધુપુરુષોને તમે હજુ ઓળખ્યા જ નથી ! સાધુનું હૃદય માખણ જેવું નહિ, પરંતુ માખણ કરતા પણ કોમળ હોય છે. તુલસીદાસજીને કોઈએ **પ્રશ્ન** કર્યો કે આપ એમ કેમ કહો છો ? ત્યારે તુલસીદાસજીએ એનો પણ **ઉત્તર** આપ્યો : **'નિજ પરિતાપ દ્રવઈ નવનીતા, પરદુઃખ દ્રવઈ સો સંત પુનિતા.'** તુલસીદાસજીએ સાધુજનો માટે માખણની ઉપમા માન્ય ન રાખી અને કારણ પણ બતાવ્યું : માખણ બહુ કોમળ છે, પણ એટલા માટે જ હું એને ગ્રાહ્ય નથી કરતો કે, **'નિજ પરિતાપ દ્રવઈ નવનીતા...'** માખણ કોમળ જરૂર છે પણ એ કોમળતા ક્યાં સુધી ? જ્યાં સુધી એની નીચે અગ્નિ પેટાવામાં નથી આવતો. માખણ થોડોક તાપ ઉતાપ થશે ત્યારે એનું સ્થાન બદલાય જશે. માખણ - માખણ મટી જશે, એની કોમળતા છોડી દેશે. ઘી થઈ જશે અને ઘીમાં ગાંગડી આવે. માખણમાં ન આવે. જ્યારે સાધુપુરુષો પોતાને માટે તાપ-ઉતાપ કે સંતાપ આવે ત્યારે સાધુતાયનો કદી ત્યાગ કરતા નથી. કદી પોતાને દુઃખે કરીને દુઃખિયા થતા હોતા નથી અને પોતાના દુઃખની જિંદગીમાં ક્યારેય ફરિયાદ પણ કરતા નથી.

➠ જેનું ભોજન ઘટે એનું ભજન વધે અને જેનું ભજન ઘટે એનું ભોજન વધે. અને જેનું ભોજન નિરસ બને એનું ભજન સરસ બને. જેનું ભોજન સરસ થાય એનું ભજન પણ ધીમે ધીમે નિરસ થઈ જાય છે. આ નિર્વિવાદિત વાત છે.



**"જેનું ભોજન ઘટે એનું ભજન વધે અને જેનું ભજન ઘટે એનું ભોજન વધે. અને જેનું ભોજન નિરસ બને એનું ભજન સરસ બને. જેનું ભોજન સરસ થાય એનું ભજન પણ ધીમે ધીમે નિરસ થઈ જાય છે. આ નિર્વિવાદિત વાત છે."**

➠ જીવાત્મા પરમાત્માને પામવા માટે તૈયાર થાય છે ત્યારે તેને અનેક અંતઃશત્રુઓ સામે ઝઝૂમવું પડે છે. પરંતુ શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૭૬માં વચનામૃતમાં કહે છે કે, બધાય બંધનો તોડતા તોડતા છેલ્લે અહંકારરૂપી બંધન તોડવું મહા મુશ્કેલ છે. જો એ બંધન તૂટે તો તત્કાળ એ ભક્ત છે તે મને પામી જાય છે. આ અહં જ વ્યક્તિને ઈથર જેવો બનાવી મૂકે છે. જેમ **ઈથર** (એક રાસાયણિક પ્રવાહી પદાર્થ) હવામાં અમથે અમથું સળગી જાય, તેમ અહંકારીને 'કેમ છો ?' એમેય ન પૂછાય. 'અમારે તો જેમ હોય તેમ. તારે શું ?' એમ કહીને ઊભો રહે.

➠ શ્રીજીમહારાજ અહંકારી સ્વભાવ વિષે લોયા પ્રકરણના ૧૬મા **વચનામૃત**માં કહે છે : ‘‘જે માની હોય તેનો એવો સ્વભાવ હોય જે, જે પોતાને વખાણે તેમાં સો અવગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને અને જે પોતાને વખાણતો ન હોય ને તેમાં સો ગુણ હોય તે સર્વને પડ્યા મૂકીને તેમાં કાંઈક જેવો તેવો એક અવગુણ હોય તેને બહુ માનીને તેનો પ્રથમ તો મન તથા વચન તેણે કરીને દ્રોહ કરે ને પછી દેહે કરીને પણ દ્રોહ કરે.’’

➠ અહંકારી પ્રકૃતિમાંથી જ એવું વલણ કેળવાય છે કે હોદ્દા વગર કામ જ ન થઈ શકે. વખત જતાં આ જીવનશૈલીનો એક ભાગ બની જાય. રાજકારણીઓને ખુરશીમાંથી સેવાનો આનંદ આવે તેમ ભગવાનના કામમાં પણ હોદ્દામાંથી જ સેવા કરવાનો મૂડ જામે, પણ ખરેખર તો સમજવું જોઈએ કે મોટપ માગી મળતી નથી. જે હોદ્દાની ઈચ્છા રાખે તે હોદ્દાને લાયક જ નથી એવું સીધું ગણિત બેસી શકે તેમ છે.

➠ અહંકારી માણસ ભેગો મળીને કામ કરી શકતો નથી, કારણ કે બીજા સાથે મળી કામ કરવામાં ક્યારેક પોતાના વિચારો પડતા મૂકવા પડે અને બીજાના પોતાથી સારા વિચારો ગ્રહણ પણ કરવા પડે. અહંકારીને આ બંનેમાં પોતાના અંહકારનો ધ્વંસ દેખાય છે. તેથી સાથે મળીને કામ કરવામાં તે મુશ્કેલી અનુભવે છે. કદાચ કરવું પડે તો ટાંટિયાખેંચ શરૂ કરી દે.

➠ શાસ્ત્રકારો કહે છે કે, મનુષ્ય દેહ મળ્યા પછી જે ભગવાનમાં પ્રીતિ નથી કરતો તે મહા કૃતઘ્ની છે. બીજાને માટે નહિ, પણ સ્વયં પોતાની જાતને માટે કૃતઘ્ની બન્યો છે. પરમાત્માએ અદ્‌ભુત મનુષ્ય દેહ આપ્યો, તેમ છતાંય મોક્ષનું કાર્ય કરી ન શક્યો અને આ દેહમાં પ્રીતિ રાખીને બેઠો છે. આ દેહમાં શું લેવાનું છે ? अस्थिस्तम्भं स्नायुबद्धं मांसशोणितलेपितम् । चर्मावनद्धं दुर्गन्धं पात्रं मूत्रपुरीषयोः ॥ - આ શરીરમાં હાડકાંરૂપી સ્તંભ છે તે અસ્થિને ચારે કોર સ્નાયુ વીંટળાયેલા છે. સ્નાયુબદ્ધ અસ્થિ તે માંસ અને રુધિરથી લીંપેલાં છે અને ઉપર સુંદર દેખાતી ચામડીથી ઢાંકેલાં છે : આ બધી વસ્તુઓ અપવિત્ર અને દુર્ગંધ યુક્ત છે. આ શરીર મૂત્ર અને વિષ્ટાનું પાત્ર છે તેમજ આ શરીર વૃદ્ધત્વ, શોક વગેરેના પરિણામથી દુઃખ અને રોગનું મોટું ઘર છે. આ શરીરને ગમે તેટલું ખવડાવો છતાં તે ભરાતું નથી. સમય પ્રમાણે કામ ન આપનાર હોવાથી આ શરીર કૃતઘ્ન છે. દોષયુક્ત, ક્ષણ વારમાં નાશ પામે એવા આ શરીરને ગમે તેટલું સાચવે છતાં તે ભસ્મ-વિષ્ટા અને કીડારૂપે બની અંતે ભસ્માદિકની સંજ્ઞા પામે છે. આમ સર્વ પ્રકારે દોષવાળા આ શરીરથી જે મોક્ષરૂપી પોતાનું કાર્ય કરી લે તેને વિદ્વાનો **પંડિત** કહે છે. આવા નાશવંત દેહમાં પ્રીતિ રાખી ભગવાનનું જે ભજન કરતો નથી, પરમાત્માની કથાવાર્તા સાંભળતો નથી એને શાસ્ત્રકારો-ઋષિમુનિઓ-મહાપુરુષો આત્મહત્યારો કહે છે :- ‘यत्प्रातःसंस्कृ तं चान्नं सायं तत्तु विनश्यति । तदीयरससम्पुष्टे काये का नाम नित्यता ॥’ - સવારે બનાવેલી રસોઈ સાંજ થાય ને ઉતરી જાય એવા અન્નથી પુષ્ટ થયેલો આ દેહ, એમાં શું પ્રીતિ રાખવા જેવું છે ? આવા દેહમાં શું જીવાત્મા પ્રીતિ રાખે છે, મોહ રાખે છે કે ‘હું રૂપવાન છું, હું ધનાઢ્ય છું.’ મનુષ્ય માત્રને એક દહાડો સંજ્ઞા એવી જ થવાની છે કે, બધાય ભેગા થઈને કાં તો સળગાવી દેશે ને કાં તો દાટી દેશે. તેથી જ તો કોઈ **સંતકવિ** કહે છે :

**‘કિસી કી લાશ કો યહાં ચિતામેં જલાઈ જાતી હૈ,**
**કિસી કી લાશ કો યહાં કબ્રમે દફનાઈ જાતી હૈ;**
**કિસી કી લાશ કો યહાં ગીધ કો ખીલાઈ જાતી હૈ,**
**કિસી કી લાશ પર યહાં ફૂલ ચઢાએ જાતે હૈ;**
**યુંહી બના બનાકર પ્યારે તેરી,**
**ઈસ તરહસે ઈસ દુનિયાસે મીટાયે જાતે હૈ.’**

શાસ્ત્રકારોનો **અટલ નિર્ણય** છે કે, નામ એનો નાશ છે, જન્મે તે મરે છે. રાવણને મરવું પડ્યું, કંસને મરવું પડ્યું, અરે ! હિરણ્યકશિપુને કેટલા બધા વરદાન ? છતાં પણ મૃત્યુએ તેનો પીછો ન છોડ્યો : **‘સંતાઈ પેઠે નહિ મોત મૂકે, ચૂકાવવાથી નહિ મોત ચૂકે; અનેક દોરા દશિ હાથ બાંધે, આયુષ્ય તૂટે નહિ કોઈ સાંધે.’** એક દિવસ સગા-કુટુંબ પરિવાર બધા ભેગા થઈને આ દેહને મીટાવી દેશે. તો એવા નાશવંત દેહમાં શું પ્રીતિ રાખવી ઘટે ? આ જીવનદીપ બુજાઈ જશે તેની કલ્પના પણ નહિ આવે. કઈ રીતે આ લોકમાંથી વિદાય લેવાનો સમય આવી ગયો તેની ખબર પણ નહિ પડે. માટે ડાહ્યો પુરુષ તો એનું જ નામ, જે મોક્ષને માટે જતન કરે.

ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણના ૫૦મા **વચનામૃત**માં કહે છે : ‘‘કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય તોપણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ તથા કેટલાક શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય તોપણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહિ માટે એને કુશાગ્રબુદ્ધિવાળા ન જાણવા, એને તો જાડી બુદ્ધિવાળા જાણવા અને જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તોપણ તે **કુશાગ્રબુદ્ધિવાળો** છે; અને જે જગતવ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તોપણ તે **જાડી બુદ્ધિવાળો** છે.’’

➠ વ્યક્તિ એમ માને છે કે, સગાસંબંધી સર્વે મારામાં હેતથી જોડાયેલા છે, પરંતુ એ તો હેત કર્યું છે તેથી તે જોડાયેલા છે. જ્યાં સુધી મધપુડામાં રસ હોય ત્યાં સુધી જ માખીઓ એને વળગી રહે. રસ સુકાય ગયા પછી માખીઓ એને છોડીને જતી રહે છે. તેવી જ રીતે વ્યક્તિમાં કાંઈક સ્વાર્થ છે ત્યાં સુધી હેત રાખશે. જે દિવસે એમ લાગશે કે હવે એમાં કંઈ લેવાનું

નથી તે દિવસથી તેમાંથી હેત તોડી નાંખશે. કારણે કે આખું જગત સ્વાર્થનું સગુ છે. તેથી એક **સંતકવિ** કહે છે :-

**'જગત ને સ્વાર્થ બે જુદા બન્યા, તેહનો દેહ તો એક ભાસે;**
**સ્વાર્થ વિના કોઈ આવે ન પાસે, સ્વાર્થમાં વેર છે સ્વાર્થમાં કેર છે;**
**સ્વાર્થના કેર કાળા લખાણાં, ઘોર ઈતિહાસે સંગ્રહ્યાં ભારતે;**
**હાટને વાટમાં તેહ વેચાણા, તો કે દેહમાં દર્દ ને મર્દ બુઠો બને;**
**રાખતાં તેહ ને તોય રાજી, પણ એ બધું કાર્ય ક્યાં લગી;**
**તો કહે સ્વાર્થ છૂટ્યા પછી કોઈ કોઈનું નથી.'**

માટે ભગવાનના ભક્તો સાવધાન બનો. હા, જગતમાં છો એટલે જગતની ફરજ નિભાવવા માટે બધા વ્યવહાર કરવા પડે. પણ મનથી તો વાત સમજી જ રાખવી પડે કે, આમાં કોઈ મારું નથી. આ દુનિયામાં ભગવાન સિવાય કોઈ મારું છે જ નહિ, તે વાતની ચોક્કસાઈ કરી લેવી જોઈએ. પોતપોતાની ફરજ સૌ કોઈએ નિભાવવી પડે. યુવાનોએ માતા-પિતાની સેવા કરવી પડે, બાળકોને ભણાવવા-ગણાવવા પડે, કામ-ધંધો કરવો પડે વગેરે જગત સંબંધી કાર્ય તો કરવું જ પડે. પરંતુ યાદ રાખજો કે, જ્યાં સુધી ફરજ નિભાવશો ત્યાં સુધી શાસ્ત્રો કે મહાપુરુષોને કોઈ વાંધો નથી. પણ સાવધાન પણ કરે છે કે, જે ફરજ આસક્તિમાં પલટાય ન જાય તેનું **ખાસ ધ્યાન** રાખવું જોઈએ.

જગતનું કોઈપણ પદાર્થ પ્રાપ્ત થાય અને એમ મનાય કે, 'હું ભાગ્યવાન છું' તો સમજી રાખજો કે, હું ફરજ ચૂકી ગયો છું. હવે હું આસક્તિમાં ગરકાવ થઈ ગયો છું. જ્યારે સારો બંગલો કે સારી ગાડી જોઈને એમ થાય કે, 'ઓ હો ! હું તો ભાગ્યવાન છું' ત્યારે સમજવું કે હું ધીરે ધીરે કરતો આસક્તિને આધીન થઈ રહ્યો છું.

ભગવાનનો ભક્ત હોય તે તો ત્યારે પોતાની જાતને **ભાગ્યવાન** સમજે, જ્યારે હૃદયમાં કામ-ક્રોધ, લોભ-મોહ આદિક અંતઃશત્રુઓનો ઘાટ ન ઊઠે. ભગવાન સિવાય બીજી જગ્યાએ મન ન જાય ત્યારે ભાગ્યવાન સમજે, ત્યારે સમજવું કે હું બરાબર છું. ભગવાન સિવાય દુનિયાનો કોઈપણ કેફ હશે એક દહાડો ઉતર્યા વિના નહિ રહે. અરે ! ગૃહસ્થ તો શું, ત્યાગી કેમ ન હોય - એને મહંતાઈનો કેફ હોય, વક્તાપણાનો કેફ હોય, ગાયકપણાનો કેફ હોય, ગમે તે કેફ હશે પણ જો ભગવાનને છોડીને અન્ય કોઈ કેફ હશે એ તો એકને એક દિવસ જરૂર ઢીલો પડ્યા વિના નહિ રહે. ભગવાનના ભક્તને તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સહિત પરમાત્માનું મિલન થયું છે, આવો ષડ્અંગી **સંપ્રદાય** મળ્યો છે એનો જ **કેફ** હોવો જોઈએ.

➠ વિકાર ત્યાં જ હોય શકે કે, જ્યાં માયાજન્ય ઉપાધિ હોય. જ્યાં માયા પ્રવેશ કરી શકે ત્યાં વિકાર હોય શકે. પરંતુ ભગવાન માયા થકી પર છે, તેથી વિકારનો સંભવ જ નથી.

➠ જગતમાં લોકો એમ કહે છે કે, આપણો કોઈ ભાવ પૂછતું નથી. કોઈ ભાવ પૂછે એની આશા રાખીને કોઈ બેસી રહેશે તો તેનો જિંદગીમાં કોઈ ભાવ નહિ કરે. પરંતુ જગત આપણને માન આપે કે અપમાન કરે તો પણ આપણે આપણું કર્તવ્ય ચાલુ રાખવું જોઈએ. જગતના બોલને ન ગણકારીને જેમણે પોતાનું કર્તવ્ય ચાલુ રાખ્યું હશે, પછી તેની પાછળ દુનિયા ગાંડી થવા મંડશે. 'પ્રતિભા જ્યારે ખીલશે ત્યારે પ્રતિષ્ઠા બહુ સહજ બની જશે. પ્રતિષ્ઠા માટે દાખડો ન કરો, પણ પ્રતિભા ખીલે એના માટે મહેનત કરો.'

➠ એક જડ પદાર્થને જો ભગવાનનો યોગ થાય, તો એ પૂજનીય બની જાય છે. આપણે તો ચેતનવંતા છીએ, આપણા જીવનમાં પરમાત્માનો યોગ જો રહેશે તો ક્યાં પહોંચી શકીશું ? એક દિવસ એવો આવશે કે, કાળને પણ થપાટ મારીને મહાપુરુષ થકી પર એવા અક્ષરધામમાં મુક્તકક્ષાની પંક્તિમાં ભળી જશું.

➠ એકને એક જગ્યાએ બોર ખોદે રાખશો તો એમાં પાણી થશે. પરંતુ ૫૦-૫૦ ફૂટના ૫૦૦ બોર કરશો તોપણ પાણી નહિ થાય. એના કરતા એકનો એક બોર ૫૦૦, ૭૦૦ કે ૧૫૦૦ ફૂટ સુધી જશે તો તેમાં પાણી થશે. તેમ એક નિષ્ઠાથી એક ઈષ્ટદેવની ઉપાસના કરીશું તો કોઈ દિવસ આજ્ઞામાંથી ડગીશું નહિ. વડતાલ પ્રકરણના ૫મા વચનામૃતમાં **ભગવાન શ્રીહરિ** કહે છે કે:- ''જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે.'' જો કે પરમાત્મા પાસે સુખના પદાર્થો માગે તેઓ સકામ ભક્તો કહેવાય છે, પરંતુ તેવા ભક્તોની ગણના શરણાગતમાં જ થાય છે, કારણકે -પોતાના ઈષ્ટદેવ વિના બીજા દેવ-દેવીઓ પાસે જઈને તેઓ યાચના કરતા નથી. તેમજ કામણ-ટુમણવાળા લોકો કદાચ લૌકિક ઈચ્છા પુરી કરતા હોય છતાં પણ તેઓમાં લોભાતા નથી.

➠ મુમુક્ષુની જિંદગીમાં કોઈ દિવસ ફરીયાદ ન હોય. આપણે તો ફરીયાદનું લાંબુ લીસ્ટ કરીને બેસીએ છીએ. જૂનાગઢ ગયા તો ઉતારાની વ્યવસ્થા ન થઈ, ગઢડામાં તો જમવાની મજા ન આવી, વડતાલમાં તો રહેવા-જમવાની નહિ, પણ ચા પણ ન મળી. મુમુક્ષુની ફરીયાદ ન હોય, ફરીયાદ તો બુભુક્ષુની હોય. મુમુક્ષુ તો જે સગવડતા હશે તેમાં સંતોષ માને અને જેમ કહો તેમ કરવા તૈયાર હોય. ભગવાન શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણના ૪૭મા **વચનામૃત**માં કહે છે : ''મુમુક્ષુને તો જેમ દુઃખવીને કઠણ વચન કહે ને વિષયનું ખંડન કરવામાં આવે તેમાં અતિશય રાજી થાય.''

➠ મુમુક્ષુને જીવનમાં એક લક્ષ્ય હોવું જોઈએ કે, આ દેહમાંથી શ્વાસ બંધ થઈ જાય એ પહેલા પ્રગટ પરમાત્માના દર્શન કરીને જ જંપીશ. અરે ! લક્ષ્યને સિદ્ધ કરવામાં આખી જિંદગી દાખડો કરીશ, પણ ભગવાનને રાજી કરીને જંપીશ. પરંતુ લક્ષ્યમાં જ કોઈ ઠેકાણું હોતું નથી. તેને મંદિરે નિત્ય જવાનું કહીએ તો 'જવાશે તો જઈશ' એવી તો એની મોળી વાત હોય. શું

મંદિર જતા પગમાં કાંટા વાગે છે ? પણ ઠેરાવમાં જ કોઈ ઠેકાણું હોતું નથી ? જો તેને કહીએ 'કોઈ વ્યસન છે ?' તો કહેશે કે મંદિર જવા સિવાયનું બધું જ **વ્યસન** છે.

➠ આ અધ્યાત્મપથ કાયર માણસનો માર્ગ જ નથી. **'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને; પરથમ પહેલું મસ્તક મૂકી, વળતુ લેવું નામ જોને...'** અધ્યાત્મપથ તો **શૂરવીરનો માર્ગ** છે. માટે તો કોઈ કવિએ લખ્યું છે :- 'ये कायरो की कारस्तानी नही, वीरो की महेजबानी है। यहां शिर कटता हे, मगर झुकता नहि, यही तो गुलस्तानी है ॥' મંદિરમાં ઠાકોરજીના દર્શને જવું તે શૂરવીરતાનું કામ છે. શૂરવીર પુરુષ મંદિરમાં આવી શકે, શૂરવીર પુરુષ સત્સંગ કથાવાર્તાનો લાભ લઈ શકે, શૂરવીર પુરુષ ભજન-ભક્તિ, નામસ્મરણ-મંત્રજાપ-માળા કરી શકે, શૂરવીર પુરુષ સત્શાસ્ત્રો-ધર્મગ્રંથોનું પઠન-પાઠન કરી શકે અને શૂરવીર પુરુષ જ જગતસંબંધી પંચવિષયની વાસના ટાળીને ભગવાનના ધામ સુધી પહોંચી શકે છે. એ વિના તો કાયર પુરુષો તો ગામના ઓટે બેસવું, અલક-મલકના ગામ ગપોટા મારવા તેમાં જ જિંદગી પ્રસાર કરી નાખે છે. એમાં કઈ મોટી ધાડ મારી ? એ તો આખી દુનિયા કરે છે પણ ભગવાનનું ભજન કરવું તે જ શૂરવીરપણું છે.

ગામની ભાગોળે બેસવું, ઓટે બેસવુ કે ગામ-ગપોટા મારવા એ તો કેવું છે તો, મોભારનું પાણી નેવે આવ્યા જેવું છે. એ તો આવે જ ! તેમ આ જગત સંબંધી પંચવિષયમાં કોઈને કાંઈ પાઠ ન ભણાવવો પડે, એમાં કાંઈ કોઈને આગ્રહ ન કરવો પડે કે તમે નિયમ લ્યો 'હું રોજ ઓટે બેસીશ, ગામ-ગપોટા મારીશ, બીડી પીઈશ, માવા-ગુટકા ખાઈશ' આવું નિયમ કોઈને આપવું પડે છે ? એ તો સહજ છે.

નિયમ તો એનું આપવું પડે કે, 'હું દરરોજ મંદિરે જઈશ, દરરોજ વચનામૃતનો પાઠ કરીશ, દરરોજ એક-બે કલાક સત્સંગ કથાવાર્તાનો લાભ લઈશ, તમામ વ્યસનનો ત્યાગ કરીશ.' આ નિયમો પણ શૂરવીર પુરુષ જ લઈ શકે અને તેને પાળી શકે છે. એકવાર કોઈ નિયમ લીધા પછી જિંદગીમાં તેનો ભંગ ન થાય એવું શૂરવીરપણું જોઈએ. નિયમનું પરિપાલન કરવું તેતો તલવારની ધાર ઉપર રહેવા જેવું કઠિન છે. માટે વિષયોમાં પ્રીતિવાળા અને ધન વગેરેમાં લોભી મનવાળા પુરુષોએ નિયમ પાળવો અતિ કઠિન છે. દેવો નિયમપાલન કરવાથી દેવભાવને પામેલા છે. સમુદ્ર પણ નિયમના આચરણથી કાંઠાનું ઉલ્લંઘન કરતો નથી.

➠ ભગવાનના સર્જનની સામે આપણે જ્યારે દૃષ્ટિ કરીએ ત્યારે વિચાર થાય કે, ભલભલા નાસ્તિકોને ભગવાનનું ભગવાનપણું સ્વીકારવું પડે. એ બદ્રીનારાયણ સ્થાન, બર્ફીલી ધરતી ! છ માસ સુધી મનુષ્યો રહી શકે અને છ માસ સુધી નીચે આવી જવું પડે. આવી બરફવાળી ધરતી. એ બરફની ધરતી ઉપર સમુદ્ર સપાટીથી ૩૫૦ કિ.મી. ઉપર ગરમ પાણીના કુંડ..-!!! સ્વયં એની મેળે ગરમ પાણી નીકળે, ખબર નહિ ક્યાંથી તેનું જોડાણ પરમાત્માએ કર્યું હશે ! છ મહિના સુધી બરફ જામે તોપણ ગરમ પાણીને કાંઈ અસર થતી નથી. આજુબાજુ બધી જગ્યાએ બરફ છવાઈ જાય અને એ તપ્તકુંડોમાં ગરમ પાણી ચાલુ હોય...!! બરફની મધ્યે ગરમ પાણી...!!!

કવિ દુલા કાગ બાપુ બહુજ સુંદર પંક્તિઓમાં લખે છે : **'કળા અપરંપાર વાલા એમાં પહોંચે નહિ વિચાર, એવી તારી કળા અપરંપારજી...'** પરમાત્માની કળા અજબ-ગજબ છે, તેનો કોઈ પાર પામી ન શકે. એમાં કોઈનો વિચાર પણ ન પહોંચી શકે. **'અણુમાં આખો વડ સંકેલ્યો, એનાં મૂળ ઉંધા મોરારજી; કીડીનાં આંતર કેમ ઘડીયાં, સૃષ્ટિના સરજનહાર..'** કીડીના પેટમાં બધા જ આંતરડા ગોઠવ્યા, એ કેમ ગોઠવ્યા હશે ? આ વિચાર જ આપણને આસ્તિકતા તરફ લઈ જાય છે. પેલું પતંગિયું ! એના પેટમાં પ્રકાશ-બતી (લાઈટ) ગોઠવી. એ કેમ વાયરીંગ કર્યું હશે ? એમાં સર્કીટનો મેળ કેમ સાંધ્યો હશે ? પરમાત્મા એ કળાને જાણી શકે, સામાન્ય વ્યક્તિથી એ થઈ શકે નહિ. આ વિચાર મનુષ્યને નાસ્તિક માર્ગમાં જતા અટકાવે છે.

તમો વિચારો !! ગાય આદિક પશુપ્રાણીઓ ઘાસ ખાય અને તેમાંથી લોહી થાય, અને લોહીમાંથી દૂધ ! આજે વિજ્ઞાન અદ્યતન ટેકનોલોજીની શોધ કરી શકે છે, પરંતુ અબજો રૂપિયાના સાધનો વાપરીને એ ઘાસમાંથી લોહી અને દૂધ કઈ રીતે થાય તે શોધવું મુશ્કેલ છે.

વિજ્ઞાન આકાશમાં ઉડ્ડયન કરી શકે, મહાજળમાં સબમરીન



**"મુમુક્ષુને જીવનમાં એક લક્ષ્ય હોવું જોઈએ કે, આ દેહમાંથી શ્વાસ બંધ થઈ જાય એ પહેલા પ્રગટ પરમાત્માના દર્શન કરીને જ જંપીશ. અરે ! લક્ષ્યને સિદ્ધ કરવામાં આખી જિંદગી દાખડો કરીશ, પણ ભગવાનને રાજી કરીને જંપીશ. પરંતુ લક્ષ્યમાં જ કોઈ ઠેકાણું હોતું નથી."**



ચલાવી શકે છે, પરંતુ ઘાસમાંથી લોહી બનાવવું અશક્ય છે. **'જન્મ્યા પહેલા દૂધ જુગતે, કીધું તેં તૈયારજી; મોરનાં ઈંડામાં રંગ મોહન, કેમ પૂર્યા કિરતાર...'** પરમાત્માની કમાલની રચના છે, ખબર નહિ ! શું રચના કરી છે ? પરમાત્માની રચના અજબ-ગજબની કરામત ધરાવે છે, આ વિચાર મુમુક્ષુઓને પ્રભુમાં પ્રેમ કરવા મજબુર કરે છે.

**'અણુ અણુમાં ઈશ્વર તારો ભાસે છે ભણકારજી; કાગ કહે કઠણાઈ થઈ તોય આવે નહીં ઈતબાર...'** કવિ કાગ કહે છે કે, પરમાત્માનો અણુ અણુમાં ભાસ છે તોપણ મનુષ્યને ભગવાનમાં વિશ્વાસ આવતો નથી. માનવ નાશવંત પદાર્થમાં પ્રેમ કરે છે, પણ જેના વડે આ સૃષ્ટિનું સર્જન થાય છે તેમાં પ્રેમ કરવો, હેત કરવું કઠણ પડે છે. ભૌતિક જગતની સિદ્ધિઓ કદાચ પુરુષાર્થ અને પુણ્યના બળથી હાંસલ થઈ થઈ શકે છે, પરંતુ એ તત્ત્વો આંતરિક વિશ્વની ક્ષિતિજોને સર કરી આપવામાં નાકામિયાબ છે.

➠ સાધના કર્યા સિવાય જિંદગીમાં સિદ્ધ તત્ત્વ (અનાદિ - પરમાત્મા) સુધી કદી પહોંચી નહિ શકાય. સાધનાના માર્ગ પર ચાલ્યા વિના કોઈ દિવસ પરમાત્માને રાજી નહિ કરી શકાય. શ્રીજીમહારાજ કારિયાણી પ્રકરણના ૧૦મા **વચનામૃત**માં કહે છે : ‘‘...ભગવાનને સર્વકર્તા જાણીને તપે કરીને જ ભગવાનને રાજી કરવા અને રાધિકાજી તથા લક્ષ્મીજી તેની પેઠે ભગવાનને પ્રેમલક્ષણા ભક્તિએ કરીને ભજવા એ અમારો સિદ્ધાંત છે.’’ એ જ વચનામૃતમાં પુનઃ આ વાતને દોહરાવતાં કહે છે : ‘‘અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે તપે કરીને ભગવાન રાજી કરવા ને ભગવાનને સર્વે કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી...’’

આપણે તો તાકડધિન્ના કરવા છે, ખૂબ જલસાપાણી કરવા છે અને પાછું અક્ષરધામમાંય જવું છે. આ જીવના અબજો જનમના દાખડાને ઓટા રૂપી ગામચોરાની બેઠકોએ ધૂળમાં મેળવી દીધો છે. ઓટે બેઠા બેઠા લોકો શું કરે છે ? માળા ફેરવે છે ? ધ્યાન કરે છે ? ના..., ના..., તો પછી વચનામૃત આદિક ધર્મગ્રંથો પર ચર્ચા કરતા હશે...!! ભારત જેવી દુનિયામાં કોઈ સંસ્કૃતિ કે બુદ્ધિ-શક્તિ નથી, પરંતુ પાછળ રહી જવાનું કારણ ગામડે ગામડે ઓટારૂપી મારી-તારી, અલક-મલકના ગામ ગપોટાની ચર્ચા છે.

‘‘અણુ અણુમાં ઈશ્વર તારો ભાસે છે ભણકારજી; કાગ કહે કઠણાઈ થઈ તોય આવે નહીં ઈતબાર...’ કવિ કાગ કહે છે કે, પરમાત્માનો અણુ અણુમાં ભાસ છે તોપણ મનુષ્યને ભગવાનમાં વિશ્વાસ આવતો નથી. માનવ નાશવંત પદાર્થમાં પ્રેમ કરે છે, પણ જેના વડે આ સૃષ્ટિનું સર્જન થાય છે તેમાં પ્રેમ કરવો, હેત કરવું કઠણ પડે છે.’’

શહેરના લોકો પ્રગતિ કરી શકે છે અને ગામડામાં કેમ નથી કરી શકતા ? ઓટા-બેઠકો...!! કારણ કે શહેરમાં ઓટા નથી એટલે પ્રગતિ શક્ય બને છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, જાપાન જેવા આખા દેશમાં તમે ફરજો. ગામડું હોય કે શહેર હોય, પણ ક્યાંય તમોને ઓટા જોવા નહિ મળે. ઓટા નથી એટલે પ્રગતિ કરી શક્યા છે.

➠ સામર્થી પ્રાપ્ત કરવી કઠણ નથી, પણ પ્રાપ્ત થયેલી સામર્થી એને સાચવવી એ જ કઠણ છે, એનો સદ્વ્યય કરવો કઠણ છે. સત્તા-સંપત્તિ-શક્તિ વગેરે આવે તો ખરું, પ્રાપ્ત કરવું પણ ઘણું સરળ છે. પરંતુ એને જીવનપર્યંત નિભાવવું બહુજ કઠણ કામ છે. પ્રાપ્ત થયેલી સામર્થીની સાથે જો સંસ્કાર નહિ હોય તો એજ સામર્થી પોતાના પતનનું કારણ બની જશે. રાવણનો નાશ ભગવાન શ્રી રામચંદ્રજીએ નથી કર્યો, રાવણની સામર્થીએ સ્વયં કર્યો છે. રાવણ પાસે અનેક સદ્ગુણ હતા પરંતુ અભિમાન અને મોહ જેવા દુર્ગુણના કારણે એના તમામ સદ્ગુણોનો નાશ થયો છે. કુંભકર્ણ, હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ વગેરેનો વિનાશ ભગવાને નથી કર્યો, એની સામર્થીએ જ કર્યો છે. કારણ કે એની સામર્થીથી જ્યારે અટંટ, અહંકારી બન્યા છે ત્યારે ભગવાને એનો સર્વનાશ કર્યો છે.

➠ ભગરી ભેંસનું ઘાટું સુંદર દૂધ હોય, પરંતુ એમાં બે ટીપાં મેળવણના જો ન પડે અને એની રીતે જ મળી જાય તો એમાંથી દહીં ન થાય. અને દહીં ન થાય તો, માખણ ક્યાંથી થાય, અને માખણ ન થાય તો ઘી ક્યાંથી થાય ? એમાંથી દહીં નહિ, પણ ડોડો થઈ જાય. એ પછી ખાવામાં કામ ન લાગે, છાશ કરવામાંય કામ ન લાગે, એને તો ખાડો કરીને દાટવું પડે. કારણ કે ખુલ્લું રાખે તો પણ દુર્ગંધ ફેલાવે. માટે સત્સંગ-કથામૃતથી જ્ઞાન પામીને ભગવાનને નિત્ય **પ્રાર્થના** કરવી કે, ‘હે કૃપાનાથ ! એટલી જ સામર્થી મને આપજો, જેને હું નિભાવી શકું. મારા જીવનમાં એટલી શક્તિ આપજો કે, જે મારા મોક્ષનો પથ બગાડી ન નાખે.’

➠ ભગવાન શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણના ૨૫મા **વચનામૃત**માં કહે છે : ‘‘જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય ને ત્યારે જેવી સંતની ઉપર પ્રીતિ હોય ને જેવું દીનપણું હોય અને પછી તેને એક ગામનું રાજ્ય આવે, અથવા સો ગામનું રાજ્ય આવે, અથવા સર્વે પૃથ્વીનું રાજ્ય આવે, તોપણ સંતની આગળ જેવો કંગાલ હતો ને દીન આધીન રહેતો તેવો ને તેવો જ પ્રીતિએ

યુક્ત થકો દીન આધીન રહે તેમ જ ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય પામે તોપણ સંતની આગળ તેવો ને તેવો જ દીન આધીન રહે.''

અરે ! ત્રિલોકીનો માલિક બની જાય, આટલી સામર્થી આવે તોપણ દાસનો દાસ રહે તે હરિભક્ત ખરો ! નહિ તો બહુ કઠણ છે, કંઈ ન હોય ત્યારે રોજ મંદિરે બે-ચાર વખત ઠાકોરજીને દંડવત્ પ્રણામ કરે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીને દંડવત કરે, સંતો આવે ત્યારે એમને દંડવત્ કરે. પરંતુ જો થોડાક રૂપિયા આવે, કામધંધાનું વ્યવસ્થિત સેટીંગ થઈ જાય પછી બધુ જ ભૂલી જાય. પછી તો તેને દંડવત કરવા પણ કઠણ પડે.

એ જ વચનામૃતમાં **શ્રીજીમહારાજ** આગળ કહે છે : ''...અને ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય અને જેમ સૌ સંતની ટેલ ચાકરી કરતો હોય તેવી ને તેવી જ પોતામાં ભગવાનના જેવા ઐશ્વર્ય આવે તોપણ કરતો રહે પણ સાધુ સાથે પિતરાઈદાવો બાંધે નહિ ને બરોબરિયાપણું કરે નહિ એવા જેના લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે.'' સંસાર છોડી સાધુ થયા હોય તે દિવસે જેવો દાસ બનીને વર્તતો હોય એવાને એવા ભગવાન જેવા ઐશ્વર્ય-પ્રતાપ આવે તોપણ દાસનો દાસ રહે એ સાધુ ખરો ! ઐશ્વર્ય-પ્રતાપ-ગુણ આવે પછી તો જેના થકી એ પ્રાપ્ત થયા છે એને જ પરાજય કરવા તૈયાર થાય. માટે જિંદગીમાં શક્તિ-સામર્થી, ઐશ્વર્ય-પ્રતાપ વગેરે જેમ જેમ આવે તેમ તેમ વધુ સરળ બની શકાય તેવો ઉપાય કરવો.

➠ આ જગતમાં અધર્મી લોકોનું ત્યાં સુધી જ ચાલે છે જ્યાં સુધી તેને ધર્મવાન પુરુષો આશરો આપે છે. નહિ તો અધર્મીઓની કઈ તાકાત છે ? અધર્મી તો ઘડીના છઠ્ઠા ભાગમાં હતા-નહોતા થઈ જાય. પરંતુ ધર્મવાન ગણાતા લોકો એને આશરો આપે છે જેને લઈને અધર્મી પાળ્યા પોષાય છે. અને અધર્મીઓનું સામ્રાજ્ય ચાલતું હોય છે. આ જગતની મહોબતે કરીને આ જગતની વાહ વાહ સાંભળીને ક્યારેય પણ અધર્મીને સાથ ન આપવો જોઈએ.

**યાદ રાખો** : ગમે તેવો ધર્મવાન પુરુષ ગણાતો હોય, પણ અધર્મીઓને જો સાથે આપે તો એટલો જ એ અધર્મવાન ગણાય છે. આ જગતમાં અધર્મીઓ જેટલા ભયકંર નથી એના કરતાંય અધર્મીને જે સહારો આપે છે એ વધારે ભયંકર છે.

મહાભારતના કૌરવ-પાંડવોનું યુદ્ધ અઢાર દિવસ સુધી ચાલ્યું હતું. અઢાર દિવસના યુદ્ધમાં અધર્મની સામે કેટલો સમય યુદ્ધ ચાલ્યું, તેની તમને ખબર છે ? દસ દિવસ સુધી તો સેનાપતિ પદ ભીષ્મ પિતામહે સંભાળ્યું હતું, પાંચ દિવસ સુધી સેનાપતિ પદ ગુરુ દ્રોણે સંભાળ્યું હતું, બે દિવસ સુધી સેનાપતિ પદ કર્ણએ સંભાળ્યું હતું અને અડધો દિવસ સેનાપતિ પદ શૈલ્ય મહારાજાએ સંભાળ્યું હતું. આ તમામ ધર્મવાન પુરુષો હતા. અઢાર દિવસમાં સાડા સત્તર દિવસ તો ધર્મવાન ગણાતા પુરુષોને મારવા માટે કાઢવા પડ્યા છે. તમે વિચારો !

અધર્મને મારવા માટે તો ફક્ત અડધો દિવસ જ કાફી હતો. દુર્યોધન તો અઢારમે દિવસે બપોર પછી સેનાપતિ પદ ઉપર આવ્યો હતો. અરે ! સાંજનો સૂર્ય ન આથમ્યો એ પહેલા તો અર્જુન અને ભીમે ભેગા થઈને એનો ગોટો વાળી દીધો. દુર્યોધનને મારવા માટે તો અડધો દિવસની જ જરૂર પડી. પરંતુ મહાભારતનું યુદ્ધ જે અઢાર દિવસ સુધી ચાલ્યું છે એનું જો કોઈ કારણ હોય તો અધર્મીનું પોષણ ધર્મવાન પુરુષો કરતા હતા. અધર્મીની ભેળા ધર્મવાન ભળ્યા હતા. માટે અધર્મનો વિનાશ કરવો કઠણ નથી. અધર્મીની ભેળા ધર્મવાન જ્યારે ભળે છે, ત્યારે અધર્મી ભગવાનની આંખમાં જેટલા ખટકે છે તેટલા જ ધર્મવાન પણ ખટકે છે. અને પછી પરમાત્મા અધર્મીઓનો નાશ કરતા પહેલા ધર્મીઓનો નાશ કરે છે.

પિતામહ ભીષ્મ જેવા મહાપુરુષ ! જેમણે અખંડ બ્રહ્મચર્યનું પાલન કર્યું. જેને લઈને **'ભીષ્મ'** નામ ધારણ થયું. આવા ભીષ્મ પિતામહને કોણે મરાવ્યા ? સ્વયં દ્વારકાધીશે માથે ઊભા રહીને મરાવ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણ પાર્થને કહે છે : ''ઉઠાવ ગાંડીવ ! ભીષ્મ પિતામહના હાથમાં હથિયાર નથી, વીંધી નાખ પિતામહને..!!'' અર્જુન થોડા અટક્યા. ઝંખવાતા અર્જુન કહે : ''કૃપાનાથ ! ભીષ્મ પિતામહ જેવા ધર્મવાન પુરુષ, હાથમાં હથિયાર નથી. ક્ષત્રિયોનો ધર્મ છે, નિઃશસ્ત્રી ઉપર પ્રહાર ન કરાય.'' ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અમોઘ સુદર્શનચક્ર ફેંકતા હોય તેમ કહે છે : 'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।' - હે અર્જુન ! તું તારા મનના માનેલા સર્વ ધર્મ મૂકી એક મારા શરણે આવી જા. હું તને સર્વ પાપ થકી મુકાવીશ અને મોક્ષ પમાડીશ. તું શોક મા કર. હે અર્જુન ! હું કહું છું મારી નાખ ! એ લોકોને માર્યા વિના ધર્મનું સ્થાપન નહિ થાય. જ્યાં સુધી ધરા ઉપર અધર્મનું પોષણ કરનાર ધર્મી પુરુષ પૃથ્વી ઉપર હશે ત્યાં સુધી પૃથ્વી ઉપર ધર્મનું સ્થાપન નહિ થાય. વીંધી નાખ પિતામહને... પછી તો અર્જુને ભીષ્મ પિતામહ, ગુરુ દ્રોણ, કર્ણ અને શૈલ્યને વીંધી નાખ્યા છે.

➠ ભગવાનના ભક્તોને **ખાસ** અમારી **ટકોર** છે કે, અધર્મીના પક્ષમાં ક્યારેય ભળશો નહિ ને ક્યારેય તેને આશરો આપશો નહિ. ગમે તેવા ધર્મવાન પુરુષ ગણાતા હોય, પરંતુ એ જો અધર્મીને આશરે બેઠા હોય તો એને પણ આશરો આપશો નહિ. કારણ કે આ જગતમાં અધર્મીઓ જેટલા ભયકંર નથી એના કરતાંય અધર્મીને જે આશરો આપે છે એ વધારે ભયંકર છે. અધર્મી ભેળા ધર્મવાન પુરુષો જ્યારે ભળે છે ત્યારે એ ધર્મવાન કહેવાતા હોવા છતાં પણ અધર્મીને આશરો આપ્યો છે માટે

એ પણ અધર્મી જ બન્યા.

ધર્મ સ્થાપન કરનાર ભગવાન શ્રી દ્વારકાધીશને પણ સાથે રહીને ધર્મવાન પુરુષોનો વિનાશ કરવો પડ્યો છે. મહાભારતનો આ પ્રસંગ આપણને એ શીખવે છે કે, ક્યારેય પણ અધર્મીનો આશરો નહિ લેશો. અરે ! જગતમાં સારા દેખાવા માટે કે જગતની મહોબતે કરીને પણ ક્યારેય અધર્મીના પક્ષમાં ભળવું નહિ, હંમેશા સત્યનો પક્ષ રાખવો. સત્યનો પક્ષ રાખતા દેહ રહે તોય ભલે અને કદાચ મરે તોય ભલે. આ દેહનો એક દિવસ નાશ થવાનો જ છે. પરંતુ **ભગવાન શ્રીહરિ** ગઢડા અંત્ય પ્રકરણના ૭મા તથા વડતાલના ૧૪મા વગેરે વચનામૃતમાં કહે છે : ''ધર્મનો પક્ષ રાખતા દેહ પડશે, તો પંચમહાપાપે યુક્ત હશે તોપણ અમે એ ગુન્હાને માફ કરી દેશું ને એ ભક્તને અમારું દિવ્ય ધામ આપીશું.''

➠ જીવનમાં **સજ્જનતા** જ બહુ દુર્લભ હોય છે, દુર્જનતા તો બહુ સહજ હોય છે. જીવનમાં **માનવતા** જાળવવી જ બહુ કઠણ હોય છે, દાનવતા તો સહજમાં જ પ્રાપ્ત થતી હોય છે. જીવનમાં સર્જન જ ગહન હોય છે, વિસર્જન તો બહુ સહજ હોય છે. જીવનમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે દાખડો કરવો પડતો હોય છે, હીનતા તો સહજમાં પ્રાપ્ત થતી હોય છે.

માણસ હોવું અને ખરા અર્થમાં માણસ બનવું એ બંને તદ્દન અલગ બાબતો છે. માનવતાનો વિકાસ ન થાય ત્યાં સુધી **માણસ બનવાની લાયકાત** આવતી જ નથી. સત્તા અને સમૃદ્ધિ વધારી શકાય છે પણ માણસાઈને લાવવી મુશ્કેલ છે.

**'માણસાઈનો દુકાળ'** વર્ણવતાં સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ એમની વાતોમાં એક **સાખી** ટાંકી છે :- **'દેશ દેશાંતર બહોત ફીર્યા, મનુષ્યકા બહોત સુકાળ; જાકું દેખી છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ.'**

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** કહે છે :- ''સાધુ પરદેશથી **ભાવડા** ઝાલી લાવે છે અને પછી જ્ઞાન દઈ એને માણસ બનાવે છે.''

ભાવડા એટલે તદ્દન જંગલી માણસ. દોઢસો વર્ષ પહેલાં સ્વામીએ ભાવડાની ઉપમા આપી ત્યારે આજેય વિચાર કરીએ કે આજનો માણસ પણ 'માણસ' છે કે કેમ ? આપણે માનવ બનીએ એ પહેલું પગથિયું પછી ઉત્કર્ષની વાત. આપણને હાથ-પગ, આંખ-નાક છે એટલે આપણને થાય કે આપણે માણસ છીએ. પણ પાણી ન હોય તોય નદી એ નદી, સમય ન બતાવે તોય ઘડિયાળ એ ઘડિયાળ ને સુગંધ ન હોય તોય ફૂલ એમ આદતને જોરે કહેવાય છે. તેમ માણસમાં માણસાઈ ન હોય તોપણ તે **માણસ** કહેવાય છે, શું થાય ? કહેવો તો પડે ને ! બીજું તેને શું કહેવું ? પૂંછડું નથી એટલે એને કઈ શ્રેણીમાં મૂકવો ?

**'પાસા છે જિંદગીના બે, એક માનવતા બીજી દાનવતા; મનાય જાય વચન કોઈ સંતતણું, તો થઈ જવાશે માનવી; બાકી તો દુનિયામાં ઠેર ઠેર ફરે છે દાનવી.'**

માણસ પશુથી જુદો કઈ રીતે પડે છે ? પૂંછડાથી ? શિંગડાંથી ? ના, માણસ પશુથી જુદો પડે છે ધર્મથી.

➠ જ્યાં પવિત્ર **દાંપત્ય જીવન** જીવાતું હશે, તેવા ઘેરે જ મહાપુરુષો-અવતારો પ્રાગટ્ય થવાનો સંકલ્પ કરતા હોય છે. અને એવા ઘરમાં જ સ્વયં **પરમેશ્વર**ને પણ અવતાર ધારણ કરવાનો સંકલ્પ થાય છે.

➠ આજે વિજ્ઞાનયુગ આવ્યા પછી પણ હજુ ભેદ રેખાઓ મટતી નથી. દીકરાનો જન્મ થાય તો મોટી મહેફીલો યોજાય છે અને જાણ થાય કે દીકરીનો જન્મ થયો છે, ત્યાં જ સગાસંબંધીઓના કાળા મોંઢા થઈ જાય છે. પરંતુ શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ બધાને જાગૃત કરે છે કે, એવી વિચારધારામાંથી બહાર નીકળો.

દીકરો જેટલો મહાન છે એટલી જ **દીકરી** મહાન છે. આજે ખબર પડે કે, દીકરીનો જન્મ થવાનો છે તે લોકો પાપાચાર આદરે છે, તેનો જન્મ થાય એ પહેલા જ તેની કતલ કરી નાખે છે. આ જગતમાં પાપીમાં પાપી કસાઈ લોકોને કહેવાય છે. પરંતુ દીકરીની હત્યા કરનાર એના કરતાંય મોટો પાપી છે. કસાઈ તો પારકા પશુ-પ્રાણીઓને લાવીને એની ઘાત કરે છે. પણ સગા મા-બાપ પોતાની દીકરીની પોતાના હાથે ઘાત કરે છે. એ કસાઈ કરતા પણ બદતર છે. જિંદગીમાં કોઈ આવી ભૂલ કરશો નહિ.

બધાય પોત પોતાનું પ્રારબ્ધ લઈને જન્મતા હોય છે. શા માટે કોઈની ચિંતા કરો છો ? અને શી ખાત્રી છે કે, જન્મ ધારણ કરનાર એ બાળકી **કેટલી મહાન** બની શકે..!! એ લાડુબા, જીવુબા, મીરાંબાઈ જેવી મહાન ભક્ત પણ બની શકે. અરે ! આખા દેશનું પ્રમુખપદ સંભાળે એવી પણ હસ્તી હોઈ શકે. માટે **ખાસ ટકોર** છે કે, કોઈ આવી ઘાત કરવાની ભૂલ કરે નહિ.

➠ આ ભૂમંડળ ઉપર સજ્જન પુરુષ કેટલું સહન કરે એની કોઈ હદ નથી હોતી, દાનવીર-દાતાર પુરુષ કેટલું દાન આપે એની કોઈ હદ નથી હોતી, શૂરવીર પુરુષ જરૂર પડ્યે

કેટલી શૂરવીરતા દેખાડે એની કોઈ હદ નથી હોતી અને વિદ્વાનપુરુષના મુખમાંથી કેટલા **અદ્ભુત વાક્યો** સરી પડે તેની પણ કોઈ હદ નથી હોતી. તેમ નીચ પુરુષ કેટલી હદે નીચો ઉતરી જાય એની પણ હદ હોતી નથી. કદી કલ્પના કરશો નહિ કે, આ વ્યક્તિ આટલી બધી હદે નીચો ઉતરી શકે..!!

➠ જિંદગીમાં ક્યારેય **આપત્તિનો સમય** આવે ત્યારે વિચાર કરજો કે, આપણને તો શું દુઃખો સહન કરવા પડ્યા છે ! પૂર્વે તો કેવા કેવા દુઃખો સહન કરવા પડ્યા છે !! એ વિચાર નજર સમક્ષ રાખશો તો મન સ્થિર થઈ જશે. આપત્તિ-વિપત્તિમાં ઘેરાયેલો માણસ શું સંકલ્પ કરે કંઈ નક્કી નહિ, એને પછી મોત જ દેખાતું હોય છે. મોત સિવાય કોઈ ઉપાય જ સૂઝતો નથી. પરંતુ આપત્તિમાં ઘેરાયા પછી પણ ધીરજ ધારણ કરશો. ધર્મ-ભક્તિના દુઃખોને યાદ કરવા તો આપણા દુઃખોનું વિસ્મરણ થઈ જશે.

જ્યારે સમય સાનુકૂળ હોય ત્યારે માણસ જ્યાં હાથ નાખે ત્યાંથી સફળતા પ્રાપ્ત થતી હોય છે. પરંતુ સમય અને સંજોગ માણસને બરાબર ભીડામાં લે, સમય જ્યારે માણસને ઠોકરાવે, પ્રારબ્ધ જ્યારે ધોખો દે, નસીબ જ્યારે દગો દે ત્યારે માણસ ગમે તેટલો પ્રયાસ કરે પણ સફળતાને બદલે નિષ્ફળતા જ મળતી હોય છે.

**'લોક નાહક કીસી**
**મજબુર કો બુરા કહેતા હૈ,**
**આદમી અચ્છા હે પર**
**વક્ત બુરા હોતા હૈ;**
**કહા કરે કિસે કરે**
**શિકાયત અપની,**
**જીતના તકદીરમેં લીખા વો**
**સદા હોતા હૈ.'**

પોષાય તેટલા પ્રયત્નો કરવામાં આવે, પરંતુ જ્યારે પ્રારબ્ધ જ ખૂટી જાય ત્યારે માણસનો પ્રયાસ, માણસની મહેનત, માણસની કૌશલ્યતા કામ નથી આવતી.

**'મનુષ્યને આપતકાળ આવે, ત્યારે કશુ કામ કર્યે ન ફાવે; જે કામ જાણી સવળુ કરે છે, તથાપી તે તો અવળુ ઠરે છે.'**
(શ્રીહરિલીલામૃત : ૭/૭/૨૧)

સમય અને સંજોગ માણસને જ્યારે ભીડામાં લે છે ત્યારે માણસની બુદ્ધિ પણ કામ આવતી નથી. માણસની મહેનત પણ ફળશ્રુતિ કરાવનારી હોતી નથી. માણસ જ્યાં જ્યાં ડગલું ભરે ત્યાંથી પીછેહઠ થવું પડે છે.

**'હુન્નર કરો હજાર ભાગ્ય બિન મીલે નહિ,**
**ચિઠ્ઠી લખી કિરતાર કર્મ પ્રમાણે રોજીયા.'**

આપત્તિથી માણસ જ્યારે ઘેરાય જાય છે ત્યારે આખી દુનિયા તેની દુશ્મન થઈ જાય છે. આપત્તિમાં જીવન ઘેરાય જાય ત્યારે આ દેહધારી માણસની પાસે હાથ લંબાવશો નહિ. જો તેની પાસે હાથ લંબાવશો તો મદદ તો નહિ કરે પણ કાંડા જ કાપી લેશે. મનુષ્ય પાસે હાથ લંબાવવા કરતા ઠાકોરજીની પાસે દીવો કરીને **પ્રાર્થના** કરજો : "હે નિરાધારના આધાર ! હે કૃપાનિધિ ! હવે થાકી ગયો છું, ક્યાં જાઉં ? હવે આપના સિવાય મારો કોઈ વિકલ્પ નથી. હું આપને શરણે આવ્યો છું, મારું રક્ષણ કરો ! રક્ષણ કરો !"

➠ આ જગતમાં બધાના ઉપરથી વિશ્વાસ છોડી દેજો, પણ જિંદગીમાં કદી **ભગવાનનો ભરોસો** ઉઠાવશો નહિ. ધ્રુવ, પ્રહ્લાદ, દેવો, અંબરીષ, વૃત્રાસુર, ગજેન્દ્ર, ગોપી, અર્જુન વગેરે પરોક્ષ ભક્તો તેમજ દાદાખાચર, પર્વતભાઈ, ગલુજી, સુરાખાચર વગેરે પ્રત્યક્ષ ભક્તો ભગવાનના ભરોસે પોતાના **જીવન સમર્પિત** કરીને રહ્યા છે અને ભગવાન જ તેઓને **ઉપાયભૂત** થયા છે. માટે અચળ ભરોસો ભગવાનનો જ છે. વહાણના સઢ ઉપર બેઠેલા કાગડાને જ્યાં જુવે ત્યાં ખારો સમંદર જ દેખાય. ઊડી ઊડીને પાછો સઢ ઉપર જ બેસે, તે જ તેનો આધાર-ભરોસો. માટે આપણે પણ **'નાવકે કાગકી ગતિ ભયી મેરી, જહાં દેખું તહાં જલનિધિ ખારા... મેરે તો તુમહી એક આધારા...'** આવું રાખવું.



"આ ભૂમંડળ ઉપર સજ્જન પુરુષ કેટલું સહન કરે એની કોઈ હદ નથી હોતી, દાનવીર-દાતાર પુરુષ કેટલું દાન આપે એની કોઈ હદ નથી હોતી, શૂરવીર પુરુષ જરૂર પડ્યે કેટલી શૂરવીરતા દેખાડે એની કોઈ હદ નથી હોતી અને વિદ્વાનપુરુષના મુખમાંથી કેટલા અદ્ભુત વાક્યો સરી પડે તેની પણ કોઈ હદ નથી હોતી."

➠ સહન હંમેશા સજ્જન પુરુષોને જ કરવું પડતું હોય છે. દુર્જનને શું લેવા દેવા ? પરંતુ સાથે સાથે યાદ રાખજો કે, સહનેય સજ્જનને કરવું પડશે અને કિંમત પણ આખીર સજ્જનની જ વધે છે. સહન

કરે એની જ **મહત્તા** વધતી હોય છે.

**'ફૂલોને અત્તરનું પદ પામવાને ઉકળતી કડાઈમાં ઉકળવું પડે છે, થવા બાંસુરી વાંસના ટુકડાને આખે શરીરે વીંધાવું પડે છે; પથ્થરને પ્રભુ પદ પામવાને તીણાં ટાંચણેથી ટીચાવું પડે છે.'**

➠ મહાનતા પ્રાપ્ત કરવા માટે અવશ્યમેવ સહન કરવું પડે છે, અને જેણે જેણે **સહન** કર્યું છે તેની જ મહાનતા ગવાતી હોય છે. જીવનમાં સહન કરવાનું આવે ત્યારે હિંમત ન હારી જવું. મનમાં વિચાર કરો કે, મારે આટલું બધું સહન કરવાનું ? હું નિર્દોષ છું, મને ખબર નથી તોપણ લોકો આમ કેમ કરતા હશે ? બિલકુલ ચિંતા કર્યા વિના સહન કરે રાખો. સહન કરીને પણ જિંદગીમાં વધારે સજ્જન કેમ બની શકાય તેવો પ્રયાસ ચાલુ રાખો. જેમ જેમ વધારે **કસોટી** આવે તેમ તેમ વધારે **સાવધાન** બનવા પ્રયાસ કરો. એક દિવસ નિશ્ચિતપણે સફળતારૂપી વરમાળા તમારી ડોકમાં હશે.

➠ માનવના જીવનમાં એક સરખા દિવસો ક્યારેય નથી હોતા. ક્યારેક સુખ તો ક્યારેક દુઃખ. પરંતુ માણસે સુખના દિવસોમાં પોતાના હાથે રૂડા કાર્યો કરી લેવા જોઈએ. પણ જીવાત્માની તકલીફ એ છે કે, પોતાની પાસે જ્યારે કાંઈ ન હોય ત્યારે મનમાં **શ્રેષ્ઠ સંકલ્પ** હોય છે. અને પરમાત્માની દયાથી એને સુખ-સંપત્તિ આપે ત્યારે તેની પાસે શ્રેષ્ઠ વિચાર-સંકલ્પો નથી હોતા. જેના જીવનમાં પ્રાપ્તિ અને વિચાર એક બની જાય એ જ પુરુષ મુક્ત બની શકે છે.

➠ આ જગતમાં જે જે મહાપુરુષો થયા છે તેઓએ કેવળ પોતાનો જ વિચાર નથી કર્યો, પોતાના વિચારની સાથે 'પર'નો વિચાર કર્યો છે ત્યારે તેનો **'મહાપુરુષ'**ની સંજ્ઞા પ્રાપ્ત થઈ છે. અને એવા મહાપુરુષો જ સમાજ ઉન્નતિનું નિર્માણ કાર્ય કરી શક્યા છે. એવા મહાપુરુષોને લઈને જ આ ધરા ઉપર ધર્મનું સ્થાપન ટકી રહ્યું છે. માટે જેની પાસે સુખના દિવસો હોય, જેને પ્રાપ્ત થયું હોય એવા ભગવાનના ભક્તે પોતાના હાથે રૂડા કાર્યો કરી લેવા.

➠ ભગવાનના ભક્તોને જીવનમાં ક્યારેય પણ ગમે તે સ્થિતિ નિર્માણ થાય તોપણ દારુ-માંસ આદિક **વ્યસનો** ન હોવા જોઈએ. આ દુનિયાના વ્યવહાર બધા રાખવા, પરંતુ મોક્ષ બગડે એવો એક પણ **વ્યવહાર** રાખવો નહિ. અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત હોય તેમણે અવશ્ય નિત્યપૂજા કરીને વિશાળ ભાલમાં **તિલક-ચાંદલો** કરવો જોઈએ. માલ ગમે તેવો હોય, પરંતુ જ્યાં સુધી કંપનીનો માર્કો ન લાગે ત્યાં સુધી એની કિંમત થતી નથી. તેમ તિલક-ચાંદલા વિનાના ભક્તની કોઈ **કિંમત** નથી. મોટા સંતો કહેતા કે, તિલક-ચાંદલો એ ભગવાન શ્રીહરિ સુધી પહોંચવાનું **સરનામું** છે. પત્ર સુંદર લખ્યો હોય પણ તેના ઉપર સરનામું ન લખ્યું હોય એ પત્ર ક્યાં જાય ?

મોટા સંતો **રૂપક દૃષ્ટાંત** આપતા કે, જેમ ટપાલપેટીમાં નાખેલી ટપાલ પોષ્ટઓફિસમાં બધી ભેગી થાય. ટપાલ ઉપરના સરનામા પ્રમાણે જે જે જિલ્લા-તાલુકા-શહેર કે ગામડાઓની ટપાલ હોય તે તે પ્રમાણે જુદી પાડવામાં આવે છે. અને કોઈ ટપાલ સરનામા વિનાની હોય તેને ગોડાઉન તરફ ધકેલી દેવામાં આવે છે. તેમ બધા જ આત્માઓ આ પંચભૌતિક દેહને છોડીને ચિત્રગુપ્તની પાસે ભેળા થાય, પછી તેને અલગ કરવામાં આવે. તિલક-ચાંદલારૂપી સરનામા તપાસવામાં આવે. ઊભા બે લીટા **'વન-વન'** દેખાય તો ગોલોકમાં જવા દે, ઊભા ત્રણ લીટા **'વન-વન-વન'** દેખાય તો વૈકુંઠમાં જવા દે અને **'વન-ઝીરો-વન'** દેખાય તો અક્ષરધામમાં જવા દે છે. અને એવી રીતે તપાસતા તપાસતા કોઈના કપાળમાં કોઈ ચિહ્ન જ જોવા નહિ મળે તો તેને ગોડાઉન તરફ ધકેલી દે છે.

તિલક-ચાંદલો કરીને કોઈ બીડી-પાનમસાલા-ગુટકા આદિક વ્યસનો રાખતા હોય તે બંધ કરી દેવા જોઈએ. કારણ કે લોકોને **વિશ્વાસ** છે કે, જ્યારે 'મેઈડ ઈન જાપાન'નો માર્કો લાગ્યો પછી એ માલ ખરાબ હોય ન શકે, એ સારો જ માલ હોય. તેમ જેના



**"સહન હંમેશા સજ્જન પુરુષોને જ કરવું પડ્યું હોય છે. દુર્જનને શું લેવા દેવા ? પરંતુ સાથે સાથે યાદ રાખજો કે, સહનોય સજ્જનને કરવું પડશે અને કિંમત પણ આખીર સજ્જનની જ વધે છે. સહન કરે એની જ મહત્તા વધતી હોય છે."**

કપાળમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના તિલક-ચાંદલા રૂપી માર્કો લાગ્યો હોય એ વ્યક્તિ ભરોસાપાત્ર હોય. એ માલમાં પછી તમાકું-ગુટકા-બીડી નીકળે, કોઈ કુટેવો નીકળે તો લોકોનો વિશ્વાસ તૂટી જાય.

➠ ભગવાનના ભક્તનું **લક્ષ્ય** ભગવાનને રાજી કરી લઉં એ જ હોય છે. જો આપણે દિવ્યજીવન જીવ્યા હશું તો જ્યારે દેહનો અંતસમે આવશે ત્યારે શ્રીજીમહારાજ અનંત મુક્તો સાથે તેડવા પધારશે. ભગવાન શ્રીહરિ પણ આપણને જોઈને મંદ મંદ હાસ્ય કરતા કહે કે, શાબાશ ! મેં તને ધરા ઉપર જન્મ આપ્યો હતો એ કાર્યને તે **સફળ** કર્યું છે. બસ, આવું **દિવ્યજીવન** થવું જોઈએ.

જો આવું જીવન ન બને તો આ જગતમાં પશુ-પ્રાણીઓ બધાય જનમને ધારણ કરે છે અને કાદવને ખૂંદી ખૂંદીને જિંદગી પુરી કરીને આયુષ્ય પૂર્ણ થતા વિદાય લેવી પડે છે. આ લોકમાં આવ્યા પછી જો હરિભજન નહિ, મંદિર-દર્શન નહિ, ભગવાનના સ્વરૂપમાં પ્રીતિ થાય તેવો દાખડો નહિ, અને એમને એમ કામ-ધંધાને માટે જિંદગી જીવીને વિષયભોગમાં ગાંડા બનીને જિંદગી જીવવી પડે તો પશુ-પ્રાણીઓ અને મનુષ્યના જિંદગીમાં કોઈ ફરક નથી.

દુર્લભ મનુષ્યદેહ મળ્યા પછી પણ જે ભગવાનનું ભજન કરતો નથી, તે તો કાદવમાં થયેલ મચ્છર જેવો છે. 'बुद्बुदा इव तोयेषु मशका इव जन्तुषु ।' - પાણીમાં થયેલ પરપોટા જેવો છે. એ મચ્છરો જન્મ્યા તોય શું ? ને મર્યા તોય શું ? એ પરપોટા થયા તોય શું ? ને ફૂટ્યા તોય શું ? એમ હરિભજન વિનાની જિંદગીમાં માણસ જીવ્યો તોય શું ? ને મર્યો તોય શું ?

ભગવાનના ભક્તો એવો **નિર્ધાર** કરજો કે, જીવન એવું દિવ્ય અને ભવ્ય બનાવવું છે કે આપણા જીવનને જોઈને બીજા લોકોને એવું જીવન જીવવાનો સંકલ્પ થાય.

➠ મા-બાપની આંખ્યોના આંસુને જોઈ ન શકે એનું નામ **'પુત્ર'** કહેવાય. અને જે મા-બાપને રડાવે એ તો **'કપાતર'** કહેવાય. ગમે તેટલા તીર્થ કરશો, ગમે તેટલું દાન કરશો, ગમે તેટલું વ્રત કરશો, પરંતુ ઘેરે બેઠેલા મા-બાપ જો તમારા પર રાજી નહિ હોય તો તમારી કરેલી તમામ સાધના નિરર્થક છે. કદાચ વડીલોનો સ્વભાવ ગમે ન ગમે, તોપણ સ્વભાવને ન ગણકારીને તેમની સેવાચાકરી કરજો.

➠ મનુષ્યને જીવનમાં તમામ સુખ-વૈભવો મળ્યા પછી પણ ભિખારી છે. જ્યાં સુધી એને **પરમાત્માની પ્રાપ્તિ** નથી થઈ ત્યાં સુધી એનું ભિખારીપણું ટળવાનું પણ નથી. જીવનમાં બીજું કોઈ વસ્તુ-પદાર્થ ન મળે, પણ એક ભગવાન મળી જાય તો જીવાત્મા અમીર બની જાય છે. જીવાત્માના બહુ જન્મના સુકૃત ઉદય થાય છે ત્યારે જ પરમાત્મા પ્રત્યે પ્રેમ જાગૃત થાય છે.

➠ આપણને જો ભગવાન શ્રીહરિના સ્વરૂપની **ઓળખાણ** થઈ જશે તો ડર માત્ર નીકળી જશે. પંચાળા પ્રકરણના ૧લા **વચનામૃતનો અભ્યાસ** કરજો તો ખબર પડશે કે આપણને શું પ્રાપ્તિ થઈ છે ? કોણ મળ્યું છે ? કેટલા મોટા ભગવાન આપણને મળ્યા છે એનું જ્ઞાન થશે.

**શ્રીજીમહારાજ કહે છે :** "જેમ કોઈક ભારે શાહુકાર હોય તે રસ્તાને બેય કોરે છાયાને અર્થે ઝાડ રોપાવે છે તથા પાણીની પરબ બંધાવે છે તથા સદાવ્રત કરાવે છે તથા ધર્મશાળા કરાવે છે તે ગરીબ સારું કરાવે છે, તેમ બ્રહ્મા, શિવ અને ઈન્દ્રાદિક દેવ છે તે તો એ ભગવાનની આગળ જેવા સડતાળાના રાંક હોય ને પીંપરની ટેટી બાફીને ખાતા હોય તે જેવા ગરીબ છે. તે બ્રહ્માદિક દેવ મનુષ્યના સુખને અર્થે ઉત્તમ એવા પંચવિષય તે ભગવાને રચ્યાં છે. અને જેમ શાહુકારે સદાવ્રત-ધર્મશાળાદિકમાં સુખ જેવા રાંકને અર્થે રચ્યાં છે તે કરતા તે શાહુકારના ઘરમાં સુખ તે અતિશય ઉત્તમ હશે એમ જણાય છે, તેમ એ ભગવાને બ્રહ્માદિકને અર્થે એવાં સુખ રચ્યાં છે, તો પોતાના ધામમાં તો એ કરતાં અતિ ઉત્તમ સુખ હશે એમ બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે."

તમે કલ્પના કરો, તમામ દેવતાઓના રાજા ઈન્દ્ર, **ઈન્દ્રના રાજા** બ્રહ્મા-શંકર-વિષ્ણુ ...!!! ભગવાન શ્રીહરિ કહે છે કે, અમારી પાસે તો તે **સડતાળાનાં રાંક સમાન** છે. નથી લાગતું કે આપણે આ વાતને ભૂલી ગયા હોઈએ ? આપણી સ્થિતિ ક્યારેક ક્યારેક કેવી નિર્માણ થાય છે ખબર છે ?

ભગવાનના ભક્તોને પણ આ વાત ભૂલાવી ન જોઈએ કે આપણે પણ સાચા **સહજાનંદી સિંહ** છીએ. યાદ રાખજો - સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશરો મૂકીને જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં, દેવ-દેવીઓમાં જો પ્રતીતિ આવવા લાગે તો સમજવું કે આપણે આપણી ખુમારીને ભૂલ્યા છીએ અને ઘેટા-બકરાના ટોળામાં ભળવાની તૈયારી કરી રહ્યા છીએ.

➠ સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો માં

લખ્યું છે : "તેત્રીસ કરોડ દેવતાઓ ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કરવા માટે જાય છે ત્યારે દર્શન કરવાનો મોકો મળતો નથી." દર્શનને માટે દેવતાઓ માથા ઝૂકાવી ઝૂકાવીને માથાના મુગટ મણિઓ ઘસાય જાય તોપણ ભગવાન શ્રીહરિના **દર્શન** નથી થતાં.

દુનિયાનો કદાચ કોઈ અબજોપતિ હશે તેના કરતા આપણે રોજનું લાવીને રોજનું ખાતા હશું તોપણ **અમીર** છીએ. આ લોકની અમીરાઈ તો પાંચ-પચ્ચીસ વર્ષ રહેશે, પણ આપણી **અમીરાઇ** તો સદૈવને માટે રહેવાની છે. આપણે તો ભગવાન શ્રીહરિના ધામ સુધી પહોંચવાના છીએ.

ભગવાનના ભક્તો **યાદ રાખો :** આપણી પ્રતીતિ જ બીજે ન હોવી જોઈએ, સુખ આપે તોપણ ભલે અને દુઃખ આપે તોપણ ભલે. એક શ્રીજીમહારાજ સિવાય બીજે **પ્રતીતિ** આવવી જ જોઈએ નહિ.

ભગવાન શ્રીહરિ ગઢડા મધ્ય પ્રકરણના ૧૩મા **વચનામૃત**માં કહે છે : "...તમારે મારે વિષે હેત રહેશે તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે અને આ વાતને નિત્યે નવી ને નવી રાખજો. પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા. આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિનદિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો એમ અમારી આજ્ઞા છે. અને આ વાર્તા તો એવી જીવનદાર છે જે દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે."

શ્રીજીમહારાજ કહે, અમારી **સર્વોપરી ઉપાસના**નું **બીજ** લાવજો. રખે ને ભૂલી ન જવાય - હું તમને કોણ મળ્યો છું ? જો ભૂલશો તો થાપ ખાઈ જવાશે. પછી ગમે ત્યાં પ્રતીતિ આવી જશે.

ઉપાસનામાં જો ભંગ થઈ જશે, ઉપાસનામાં જો કચરું ભળી જશે તો **ભગવાન શ્રીહરિ** આંગણે આવીને પાછા જશે. આપણને જે **સર્વોપરી ભગવાન** મળ્યા છે, એ વાતને જિંદગીમાં ક્યારેય ભૂલશો નહિ.

શ્રીજીમહારાજ ગઢડા અંત્ય પ્રકરણના ૩૮મા **વચનામૃત**માં કહે છે :

"પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિશે રહ્યા જે ભગવાન, તેના સ્વરૂપમાં કાંઈપણ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે આ **પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન** તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વકારણના પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના **અવતારી** છે, ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે."

ગઢડા મધ્ય પ્રકરણના ૯મા વચનામૃતમાં કહે છે :-

"સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે **ભગવાનનું સ્વરૂપ** છે તે જ મને પ્રાપ્ત થયું છે' તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય."

➠ આ જગતમાં કોઈનું કામ મફતમાં થતું જ નથી. કંઈક લેવડ-દેવડ કરો તો જ કાર્ય પાર પાડી શકો છો. લાંચ-રુશ્વત-ભ્રષ્ટાચાર એ આ દેશનું મોટામાં મોટું **દૂષણ** છે. જે ઉધઈની પેઠે આ દેશને ખોખલો બનાવે છે.

➠ ભારત દેશ બહુ **શ્રદ્ધાવાન** દેશ છે તે ચોક્કસ છે, પરંતુ શ્રદ્ધામાં અંધશ્રદ્ધા પણ ગજબની છે. ભારત દેશમાં જેટલા ધતિંગ ચાલે છે એટલા દુનિયામાં બીજે ક્યાંય જોવા નહિ મળે. કારણ કે શ્રદ્ધાની સાથે **અંધશ્રદ્ધા** જોડાયેલી છે. શ્રદ્ધાવાન જરૂર બનો, પરંતુ ખોટી જગ્યાએ શ્રદ્ધા બાંધીને આખી જિંદગી માથા પટકાવશો તોપણ એમાંથી કંઈ નહિ મળે.

લાખ મણ રેતી દળ્યા પછી એક તેલનું ટીપું ન નીકળે, આખાય સમુદ્રને વલોવ્યા પછી નખ પલળે તેટલું માખણ જેમ પ્રાપ્ત ન થાય. એમ ભગવાન શ્રીહરિને છોડી, આખી જિંદગી દાખડો કર્યા પછી પણ મુક્તિ પ્રાપ્ત કરવી અસંભવિત થઈ જશે. માટે જો જો રખે ને ભૂલ નહિ ખાઈ જતાં !! પ્રીત કરો તો પરમેશ્વરમાં કરજો, હેત કરો તો ભગવાનમાં કરજો.

ભગવાનના સંબંધને લઈને બધાને માનજો. કદાચ ભગવાનના સંબંધને લઈને તમે કોઈને માન્યા પણ એમનું સ્થાન ભગવાન કરતા અધિક ન હોવું જોઈએ. ભગવાનને મેળવવા માટે જે વ્યવધાન (માધ્યમ)ની જરૂર પડે એની સાથે સંબંધ રાખો, પરંતુ તેને સિમિતમાં રાખવી ઘટે. સૌથી પ્રથમ સંપૂર્ણ હેત તો એક પરમેશ્વર સાથે જ હોવું જોઈએ.



“જ્યોતિષ શાસ્ત્ર સાચું છે, ખોટું નથી. પરંતુ આજકાલ જે ચાલી રહ્યું છે, એમાંથી ૯૯% મિથ્યા છે. જ્યોતિષને આધારે જિંદગી જીવવી નહિ. પુરુષાર્થ કરો, પુરુષાર્થ કરનારનું પ્રારબ્ધ બદલી જતું હોય છે. પુરુષાર્થ કરો અને પરમાત્મામાં નિષ્ઠા રાખો - એ બે વસ્તુ જેને પકડાય જશે એનું પ્રારબ્ધ આપો આપ બદલી જશે.”

ક્યારેય પણ જિંદગીમાં કોઈ વ્યક્તિને ભજવાથી મોક્ષ નહિ થાય. દેવ-દેવીને ભજવાથી કદી મોક્ષ નહિ થાય. મોક્ષ જો મેળવવો હશે તો ભગવાનની આરાધના-ભજન-ઉપાસના કરવી પડશે. જેના ભજનથી સામર્થી આવી, એને ભજવા કરતા જ્યાંથી સામર્થી આવી છે તેનું જ ભજન કરોને !! એજન્ટની તો ત્યાં સુધી જરૂર હોય કે જ્યાં સુધી માલિકની ઓળખાણ ન હોય. માલિકની ઓળખાણ થઈ ગયા પછી એજન્ટની જરૂર જ ન પડે.

આપણને માલિક સ્વયં પ્રગટ મળ્યા છે. હવે ક્યાં બીજે ફાફા મારવાની જરૂર છે ? આ પુરુષોત્તમનારાયણનો ભજજો. ભગવાન શ્રી સ્વામિનારાયણ કહે છે : ‘‘મારી મરજીથી જ બધુ થાય છે. અનંત કરોડો બ્રહ્માંડોની ઉત્પત્તિ-પાલન-પ્રલય જે કંઈ થાય છે એ મારી મરજીથી થાય છે.’’

**‘હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ...’** શ્રીજીમહારાજની સ્વપંક્તિને આપણે વિચારીએ ! હું તો તમારે માટે છેક અક્ષરધામથી અહિંયા સુધી ધક્કો ખાઈને આવ્યો છું. વડાપ્રધાનને બધા જિલ્લા આમંત્રણ આપે તોપણ વડાપ્રધાનનું **આગમન** શક્ય નથી. પરંતુ આપણા એકના વ્યક્તિગત પ્રેમે કરીને કોઈ પ્રસંગમાં આમંત્રણ આપીએ અને દિલ્હીથી વડાપ્રધાન સ્વયં સામે ચાલીને આપણા પ્રસંગમાં આવે. એ આવ્યા પછી આપણે તેમની સામું પણ જોઈએ નહિ, તેમને બોલાવીએ નહિ તો નથી લાગતું કે આપણે **અવિવેક** કરી રહ્યા હોય !!

એવી રીતે વર્ષો સુધી સાધનાઓ કરશે, અરે ! જનમો ગુમાવી નાખે તોપણ આ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું મિલન ન થાય, એ ભગવાન શ્રીહરિ એમ કહે : ‘હું તો તમ કારણે રે, આવ્યો ધામ થકી ધરી દેહ...’હું તો તમારે માટે છેક અક્ષરધામથી અહિંયા સુધી ધક્કો ખાઈને આવ્યો છું. અને આપણે મહાપ્રભુ શ્રીહરિના દિવસમાં એકવાર દર્શન કરવા ન જઈએ, પૂજાપાઠ ન કરીએ, ઘરમંદિર પણ પાર્લામેન્ટથી ભરેલી રાખીએ તો નથી લાગતું કે આપણે અવિવેક કરી રહ્યા છીએ ?

તમે ગમે તેટલું **મટીરીયલ** વાપરો, પરંતુ મકાન બનાવતા મકાન જો કાટખૂણે ન હોયને તે તો સારામાં સારું મટીરીયલ્સ વાપર્યા પછી પણ એનો દેખાવ ન આવે. એમ સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ ભગવાન મળ્યા પછી આપણે જો કાટખૂણાથી છટકી જશું તો મોક્ષની બાબતમાં ફેર પડી જશે. **‘કોણ મળ્યું છે’** એ વાતને જિંદગીમાં ભૂલશો નહિ.

➠ જ્યોતિષ શાસ્ત્ર સાચું છે, ખોટું નથી. પરંતુ આજકાલ જે ચાલી રહ્યું છે, એમાંથી ૯૯% મિથ્યા છે. જ્યોતિષને આધારે જિંદગી જીવવી નહિ. પુરુષાર્થ કરો, પુરુષાર્થ કરનારનું પ્રારબ્ધ બદલી જતું હોય છે. પુરુષાર્થ કરો અને પરમાત્મામાં નિષ્ઠા રાખો - એ બે વસ્તુ જેને પકડાય જશે એનું પ્રારબ્ધ આપો આપ બદલી જશે. ફક્ત પ્રારબ્ધને આધારે, નસીબને આધારે બેઠા ન રહો કે, મારા ભાગ્યમાં હોય તો મને મળે.

**‘નસીબ કે કિનારો પે સિર્ફ આપ બૈઠે ન રહો મેરે યારો,**
**મંઝિલ ખુદ મીલને કે લીયે આયેગી જરા કવાયત કર કે તો તું દેખ ?’**

થોડી મહેનત કરીને તો તું જો, સ્વયં તારી મંઝિલ, તારો ધ્યેય સામે ચાલીને તને મળવા આવશે. જીવનનો લક્ષ્ય જો નક્કી કર્યો  હશે, જીવનમાં સફળતા પ્રાપ્ત કરવાનો સંકલ્પ હશે તો જરાક દાખડો તો કરી જો, મહેનત તો કરી જો !! મહેનત વિના તો નસીબમાં લખ્યું હશે તોપણ મેળ નહિ પડે. નસીબમાં લખેલી વસ્તુ પ્રાપ્ત કરવા માટે દાખડો કરવો પડશે. અને દાખડો કરનારનું નસીબ, પ્રારબ્ધ અવશ્યમેવ ખુલી જતું હોય છે. એના મહેનત અને પુરુષાર્થને આધીન બનીને સ્વયં ભગવાન રાજી થતા હોય છે.

દાખડો કરતા, મહેનત કરતા, પુરુષાર્થ કરતા કદાચ ભોગ જરૂર આપવો પડે; પરંતુ સાચા અર્થમાં જો પુરુષાર્થ હોય અને પરમેશ્વરમાં નિષ્ઠા હોય, નિઃસ્વાર્થ ભાવના હોય તો લક્ષ્ય સિદ્ધ થાય, થાય ને થાય જ !!! માટે કોઈ દિવસ નબળું વિચારશો નહિ, નબળું કદી બોલશો નહિ અને નબળું કદી જીવશો નહિ.



> **પ**રમાત્માની પ્રાપ્તિ માટે સરળમાં સરળ જો કોઈ સાધન હોય તો એ 'પ્રાર્થના' છે. સાધનાથી પ્રભુ વશ નહિ થાય, પણ હૃદયથી જો પ્રાર્થના કરવામાં આવશે તો ભગવાન અવશ્યમેવ આધીન થઈ જશે. કોઈપણ મુંઝવણ થાય ત્યારે પ્રભુપ્રાર્થના સિવાય બીજો કોઈ ઉપાય નથી.

કોઈપણ કાર્ય કે નક્કી કરેલા લક્ષ્યની સફળતાનો આધાર એ કાર્ય અને લક્ષ્ય પ્રત્યેની શ્રદ્ધા, સમર્પણ અને પરિશ્રમ પર છે. નિષ્ઠા અને શ્રદ્ધા હોય તો ભગવાન પણ મદદ કરે છે. ગાંધીજી પોતાના દરેક કામ પાછળ **ભગવાનની શ્રદ્ધા** જોતા. શા માટે શક્ય ન બને? બધું જ શક્ય બને. પુરુષાર્થ કરતા શું અસંભવિત છે?

જે શક્ય છે એ આપણાથી દૂર છે, પરંતુ એટલું દૂર નથી કે જ્યાં આપણા હાથ ન પહોંચે. અશક્યની વાત જરા જુદી છે. એ ખાસ્સું દૂર છે અને આપણને લાગે છે કે ત્યાં સુધી આપણા પ્રયત્નો પહોંચે એમ નથી. આવું માની લઈને હારી જવું એ આપણામાં પડેલી અપાર શક્યતાઓનું અપમાન ગણાય. એવા તો કેટલાય કિસ્સા બન્યા છે, જેમાં અશક્ય જણાતી બાબત માણસના પરાક્રમને કારણે શક્ય બની છે. પરમાત્માને પરાક્રમી માણસો પ્રિય હોય છે.

➠ આ લોકના સંપત્તિ તો બહુ સામાન્ય છે. આ લોકના સુખની પ્રાપ્તિની સાથે આપણું લક્ષ્ય તો પરલોકનું સુખ છે. આપણું લક્ષ્ય તો ભગવાનની મૂર્તિ છે, આપણું નિશાન પરમાત્મા સુધી પહોંચવાનું છે. માટે પુરુષાર્થ કરતા કરતા જીવનમાં નક્કી પૂર્ણ સફળતા પ્રાપ્ત થશે. જિંદગીમાં કદી એમ ન માનો કે, મારાથી આ નહિ થઈ શકે! મારાથી વ્યસનો ન છૂટી શકે! મારાથી મંદિરે નહિ જઈ શકાય!! ગમે તેવી કુટેવો હોય, કામ-ક્રોધ-લોભ-સ્વાદ-સ્નેહ-માન આદિક ગમે તેવા અંતઃશત્રુઓ હોય તેને ટાળવા માટે જેને જેને મનુષ્યદેહ મળ્યો હોય - એમાંય ભારત દેશમાં પ્રાપ્તિ થઈ છે એ તમામમાં પરમાત્માએ એટલી સામર્થી ને શક્તિ આપી છે કે એ ધારે તે નિશાન પાડી શકે છે.

**'દેખાવામાં ભલેને લાગે એ મરેલ માનવી,**
**ખેલી શકે છે મોતથી ખાંડાના ખેલ માનવી;**
**ધારે તો એ લાવી શકે ભગવાનને ભોમ પર,**
**જોયા નથી તમે હજુ માથા ફરેલા માનવી.'**

આ કાળા માથાનો માનવી ધારે તો ભગવાનને પણ સામે પ્રગટ કરી શકે, એ સામર્થી પરમાત્માએ આપી છે. માટે ખાસ કહું છું કે, એમ નહિ માનો કે મારું કલ્યાણ નહિ થાય; મેં આવા પાપો કર્યા છે - મેં આવી ભૂલો કરી છે. તમામ પાપોને, સર્વોને ભૂલોને ભૂલી જાઉં, બસ જાણે આજે જ નવજીવન મળ્યું છે - એમ નિરધાર કરી અને કદમ ઉઠાવો.

એક ધ્યેય-લક્ષ્ય નક્કી કરો કે, આજથી મારા માટે બીડી-તમાકુ-ગુટકા-ચા-કોફી વગેરે કેફી પદાર્થો, વ્યસનો મારા માટે હરામ છે. આજથી જ મારા જીવનમાં ભગવાનના એકાંતિક ભક્તના ગુણો આવે તેવો પુરુષાર્થ કરીશ. આ દેહમાં જ્યાં સુધી પ્રાણ હશે અને જ્યાં સુધી મારા બંને પગ સાથ આપશે ત્યાં સુધી એક દિવસ મારો એવો ન હોય કે હું મંદિરે ઠાકોરજીના દર્શન કરવા ન ગયો હોવ.

વ્યક્તિના લક્ષ્ય-સંકલ્પ સાથે બહુ મોટો મતલબ રહેલો હોય છે. જેનો મજબુત ઠેરાવ હોય, કાર્યમાં શ્રદ્ધા હોય એને અવશ્યમેવ પૂર્ણ સફળતા પ્રાપ્ત થતી હોય છે.

➠ વ્હાલા ભક્તજનો! આપણે આપણી આ વાતને ભૂલી જઈએ છીએ કે, આપણે કોણ છીએ? તો યાદ રાખજો કે આપણું જીવન ધીમે ધીમે કરતા નીચે ઉતરવા માંડશે. આપણે કોના વારસદાર છીએ? એક લસણ-ડુંગળી નહિ ખાવા માટે જેતપુરના જીવા જોષીએ જેતપુર ગામનો ત્યાગ કરી દીધો. પરંતુ મોંમા લસણ-ડુંગળી ન મૂક્યા. એના આપણે વારસદાર છીએ...!! એ વાત આપણને જિંદગીમાં ભૂલાવી ન જોઈએ. આપણી પ્રાપ્તિની આપણને જ્યારે યાદ આવશે ત્યારે આપમેળે જ જગત અસાર બની જશે. પરંતુ આપણને શું મળ્યું છે એનું **સતત અનુસંધાન** રહેવું જોઈએ.

➠ આપણને જે પ્રાપ્તિ થઈ છે એ અજોડ છે. ધ્યાન રાખજો એ પ્રાપ્તિ આપણાથી વિખૂટી ન પડી જાય. ભગવાન શ્રીહરિ કોઈપણ ભોગે નારાજ ન થાય. આખી જિંદગી એવી રીતે જીવીએ કે ભગવાન શ્રીહરિ આપણા ઉપર રાજી થાય. આપણને થયેલી પ્રાપ્તિ એનું આપણને સતત અનુસંધાન

રહેવું જોઈએ.

➠ પરમાત્માની પ્રાપ્તિ માટે સરળમાં સરળ જો કોઈ સાધન હોય તો એ **'પ્રાર્થના'** છે. સાધનાથી પ્રભુ વશ નહિ થાય, પણ હૃદયથી જો પ્રાર્થના કરવામાં આવશે તો ભગવાન અવશ્યમેવ આધીન થઈ જશે. કોઈપણ મુંઝવણ થાય ત્યારે પ્રભુપ્રાર્થના સિવાય બીજો કોઈ ઉપાય નથી. જીવનમાં દુઃખ ત્યારે જ વિદાય લેશે જ્યારે હૃદયમાં પ્રભુનું પ્રાગટ્ય થશે. જે ભગવાનને રાખશે એના જ જીવમાંથી દુઃખો વિદાય લેશે અને પરમ સુખની પ્રાપ્તિ થશે.

પરમાત્મા પાસે પ્રાર્થના કરનાર પાપીનું હૃદય પણ પવિત્ર થઈ જાય છે. કાદવથી ખરડાયેલો હોય કે શુદ્ધ હોય - ગંગા બંનેને પોતાના નીરથી નવડાવે છે, તેમ ભગવાનને ખરા અર્થમાં ભગવાન માનીને કરાયેલી પ્રાર્થના સત્ત્વવાળી હોય છે. કાદવનું પ્રક્ષાલન કરવું એટલો જ માત્ર મહિમા ગંગા નદીનો નથી, પાપીનાં પાપ પણ એ પખાળે છે અને એ જ એનું મુખ્ય કાર્ય છે. 'પ્રાર્થના' કરે છે તેના તમામ દુઃખો ભાગી જાય છે. જે કોઈ સાચા હૃદયે પ્રાર્થના કરે છે તેને તેનો **ચોક્કસ અનુભવ** થાય છે.

ભગવાન વિના લાખો નહિ, કરોડો નહિ, અબજો નહિ, મિલિયનો નહિ પણ ટ્રિલિયનપતિ થશો તોપણ જ્યાં સુધી પરમાત્મા નહિ રાખીએ ત્યાં સુધી સુખની પ્રાપ્તિ નહિ થાય. કદાચ ધન-સંપત્તિના અવલંબને કરીને તમે બંગલામાં, ઓફિસમાં, ગાડીમાં **એરકન્ડિશન્ડ** ગોઠવશો તો બહાર બધે ઠંડક થશે, પરંતુ હૃદયમાં હિટર હશે તો ત્યાં કોણ ઠંડું કરવા જશે ? જો એ સ્થાને પરમાત્મા પ્રસ્થાપિત થઈ જશે તો અંતઃકરણ પણ **હિમાળા જેવું ઠંડું** થઈ જશે. પછી આ દુનિયાની માલ-મિલ્કત મળે તોપણ શું અને ન મળે તોપણ શું !!! જે દિવસે ભગવાનનો મેળાપ થશે ત્યારે જ આપણી બધી ચિંતા ભગવાન દૂર કરશે. ચિંતા બધી ભગવાનના ઉપર છોડતા શીખો, એ પરમાત્મા બધી વહન કરશે. આપણે તો કારણ વિના કાંધ ઉપર ધોહરું લઈને આંટા મારીએ છીએ. 'હું હોવ તો જ થાય... હું કરું તો જ થાય...' બસ, 'હું...હું...'નો જે દિવસે ત્યાગ થશે ત્યારે પરમાત્મા જવાબદારી સંભાળી લેશે.

➠ આ માયાવી દુનિયાનો **બહુ પ્રસંગ** મુમુક્ષુ જીવાત્માઓ માટે સારો નથી. જગતમાં જેટલા ઊંડા ઉતરશું, એટલા જ ભગવાનનું ભજન ઓછું થશે. જગતમાં મન જશે તો જગદીશ્વર છૂટી જશે. ભોગમાં મન જશે તોપણ ભગવાન છૂટી જશે. સત્સંગ કથામૃત આપણને સાવધાન કરે છે કે, આપણી જિંદગીમાં ત્યાં સુધી વીજળી ચમકતી રહેશે, ત્યાં સુધી મેઘ ગર્જના કરતો રહેશે, ત્યાં સુધી જ પવન ફૂંકાતો રહેશે જ્યાં સુધી આંખ ખુલી છે. જે દિવસે આંખ બંધ થઈ જશે ત્યારે સદૈવને માટે આપણી ચમકતી વીજળીઓ પણ બંધ થઈ જશે. ફૂંકાતો પવન-વરસાદ શાંત થઈ જશે. માટે ડાહ્યા પુરુષોએ આંખ વિંચાઈ જાય એ પહેલા **મોક્ષનો માર્ગ** સાધી લેવો જોઈએ.

➠ આપણને ભગવાન યાદ તો આવશે, પણ આપણા દિવસો પૂરા થઈ ગયા હશે. કાને સંભળાતું બંધ થશે ત્યારે મનમાં થશે કે, હું તો કોઈ દિવસ સત્સંગ કથાવાર્તા સાંભળવા ગયો જ નહિ. આંખે દેખાતું બંધ થશે પછી મનમાં થશે કે, મેં તો મંદિરે જઈ ઠાકોરજીના દર્શન કરવાનો કોઈ દિવસ સંકલ્પ જ ન કર્યો. પગે ચલાશે નહિ પછી મનમાં એમ થશે કે, હું નિયમિત મંદિરે ગયો હોત તો સારું હતું. પણ પછી ઘણું મોડું થઈ ગયું હશે...!!! માટે ડાહ્યા પુરુષોએ પોતાની આંખ જ્યાં સુધી પાંચ-પાંચ કિ.મી.ના અંતર કાપી નાખતી હોય, કાને ટાંચણી પડે એટલો પણ અવાજ સંભળાતો હોય, ત્યાં સુધીમાં હરિભજન કરી લેવું જોઈએ.

સમય સમયનું કાર્ય કરે છે. એક દિવસ આ બાળ અવસ્થા યુવાન બનશે, યુવાન પછી પ્રૌઢ બનશે અને પ્રૌઢ બન્યા પછી વૃદ્ધ બનશે. આ જિંદગી જતી રહેશે. જવાની જતી રહેશે પછી ઘડપણ આવશે. પણ ગઢપણ જશે નહિ, એ આપણને ભેળું લઈને જશે. માટે સ.ગુ. **ભૂમાનંદ સ્વામી** કહે છે :

**'દદા દિવસ જે જે જાય, આવરદામાં ઓછો થાય;**
**મા બાપ જાણે મોટો થયો, મુળગામાંથી પણ તે ગયો;**
**તે સૂશે સમશાને કાય... દદા દિવસ જે જે જાય.'**

➠ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિતના મુખમાં કોઈ દિવસ અપશબ્દો શોભે નહિ. કારણ કે ભગવાન શ્રીહરિએ આશ્રિતો માટે અપશબ્દો બોલવાની મનાઈ ફરમાવી છે. જ

**'વદે નહિ કોકિલ કાગવાણી, ન મોર મોઢે ખરવાણી જાણી;**
**તો વિશ્વમાં જે જન હોય સારો, તે શી રીતે શબ્દ કહે નઠારો.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૨૪/૮૪)

કોયલ પક્ષી હોવા છતાં પણ, મયુર પક્ષી હોવા છતાં પણ પોતાના સ્વમાનને ગુમાવતું નથી. પોતાનો જાતિ ગુણ એનો ત્યાગ કરતું નથી. કદી પણ કોયલ કાગડાની વાણી બોલતી નથી, મોર કદી ગધેડાની વાણી બોલતો નથી.

તો જગતમાં જે શ્રેષ્ઠ પુરુષ કહેવાતા હોય, એના મુખમાંથી અપશબ્દ નીકળે જ કેમ ?

સારી વાણીથી કામ પતે એમ છે તો શા માટે અપશબ્દો બોલવા જોઈએ ? તમે એવું નહિ માનશો કે, અપશબ્દ બોલીએ તો જ કામ થાય. એ ખોટી માન્યતા છે. જે પ્રેમથી કામ થશે એ **શ્રેષ્ઠ નિર્માણ** થશે.

➠ ભગવદ્ ગીતાનો એવો મત છે કે, આ સૃષ્ટિમાં જે કાંઈ સર્જન છે, એ બધું ઠાકોરજીનું છે. માટે ભગવાનને અર્પણ કર્યા વિનાનું જે સ્વીકારે છે, એ ભગવાનનો ચોર છે. ભગવાનના ભક્તોને એવું સહજ નિયમ હોવું જોઈએ કે, ઘરમાં નિત્ય જે રસોઈ બને એ સૌપ્રથમ ઠાકોરજીને થાળ ધરાવીને પછી બધી રસોઈમાં થાળ (તે તે પ્રસાદી વસ્તુ)ને મિશ્રિત કરીને જમવું. અને ભગવાનને થાળ ધરાવવા માટે પવિત્રપણે રસોઈ બનાવવી. શાકભાજી ધોઈને સમારવા, અનાજ-કઠોળ આદિક વસ્તુઓને સાફ કરીને રસોઈ માટે ઉપયોગમાં લેવું.

આહારશુદ્ધિ વિના અંતઃકરણની શુદ્ધિ નહિ થાય, અંતઃકરણની શુદ્ધિ વિના વિચારની શુદ્ધિ નહિ થાય, વિચારની શુદ્ધિ વિના ક્રિયા શુદ્ધ નહિ થાય. અને ક્રિયા શુદ્ધિ વિના પરમાત્માનો રાજીપો પ્રાપ્ત કરી શકાતો નથી. માટે રસોઈ જ પવિત્રપણે ધ્યાનપૂર્વક બનાવવી જોઈએ. જો ભગવાનને થાળ ધરાવીને પ્રસાદિભૂત થયેલ રસોઈ જમાશે તો વિચારની શુદ્ધિ થશે.

અમારું **નમ્ર નિવેદન** છે કે, ભગવાનના ભક્તો ભગવાનને થાળ ધરાવ્યા વિના કોઈ વસ્તુ-પદાર્થ જમશો નહિ. ભગવાનને અર્પણ કર્યા સિવાય કોઈ વસ્તુ-પદાર્થ સ્વીકારશો નહિ.

➠ શાસ્ત્રનો મત છે કે, જે ઘરમાં **રજસ્વલા ધર્મ** નથી પળાતો એ ઘર હંમેશા સૂતકી રહે છે. રજસ્વલા ધર્મ નહિ પાળનાર નારી તો અધોગતિને પામે જ છે, પણ એના હાથનું રાંધેલું જે ખાય છે, એના હાથનું પાણી જે પીવે છે એ પણ નરકે જાય છે. જે ઘરમાં રજસ્વલા ધર્મ નથી પળાતો એ ઘરમાં ગમે તેટલું દાન-પુણ્ય-વ્રત કરવામાં આવે, ભજન-ભક્તિ કરવામાં આવે તોપણ એનું કોઈ ફળ મળતું નથી.

રજસ્વલામાં આવનાર સ્ત્રી ત્રણ દિવસ સુધી ઘરકામની કોઈ પ્રવૃત્તિ કરી શકે નહિ, ચોથે દિવસે સ્નાન કરીને અન્ય ક્રિયા કરી શકે. પણ ઠાકોરજીનો થાળ પાંચમે દિવસ કરી શકે છે. જે ઘરમાં રજસ્વલા ધર્મનું પાલન ન થતું હોય ત્યાં કોઈ દિવસ જમશો નહિ. આ આજ્ઞાનું પાલન નહિ કરો તો ભજન કર્યા પછી પણ નરકે જવું પડશે.

➠ માતા-પિતાની **સેવા** કરવી, એમની **આમન્યા** જાળવવી વગેરે મર્યાદાઓ જ્યારે જીવનમાં અપનાવવામાં આવે છે ત્યારે ભગવાન રાજી થાય છે. ઘણીવખત વ્યક્તિ ભજન કરતો હોય તોપણ મા-બાપને સાચવે નહિ. મા-બાપને સાચવતા હોય પણ જો એ મંદિરે દર્શને જતા ન હોય. તો એવા દરેક લોકોમાં ખોટ છે. ભજન કરવું, માતા-પિતાની સેવા કરવી, એમની આમન્યા જાળવવી વગેરે બધુ કરવું જોઈએ.


તમારા હૃદયની વાત સાચી હોય તોપણ વડીલો તમારી વાત માનવા તૈયાર ન હોય તોપણ તેઓની આમન્યા કદી છોડશો નહિ. માતા-પિતાની સેવા કરવાથી આ લોકમાં અને પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે, તેથી તેઓનો તિરસ્કાર કરવો નહિ. તમારી વાતને સમજાવવા માટે તમારે કદાચ પ્રયાસ કરવો પડે, પણ એ વાતને સમજાવા જતાં તેઓનું હૃદય તૂટી જાય તેવું કદી કરશો નહિ. કારણ કે, માતા-પિતાને પુત્ર પાસે બહુ મોટી **અપેક્ષા** રહેલી હોય છે. એમની અપેક્ષા ભંગ કરશો નહિ, પ્રેમથી સમજાવવાનો **પ્રયત્ન** કરવો.

અમો યુવાનોને **ખાસ ટકોર** કરીએ છીએ કે, ભૂલ કરશો નહિ, થાપ ખાશો નહિ અને અવસર જે મળ્યો છે એને ચૂકશો નહિ. આ બધુ જ જે કાંઈ કર્તવ્ય કરવાનું છે એ આ દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી જ કરવાનું છે. પછી કંઈ નથી થવાનું. માટે ડાહ્યા બનીને ભગવાનની આરાધનાય કરી લઈએ અને પોતાની ફરજમાં જેટલી જેટલી વસ્તુ આવતી હોય, એ કર્તવ્ય પણ નિભાવતા જઈએ.

➠ સાધુના હૃદયમાંથી દયા કદી વિદાય ન લેવી જોઈએ. સાધુપુરુષના હૃદયમાંથી દયા જો વિદાય લઈ લે તો આ સંસાર આખો સળગી જાય. સાધુપુરુષના હૃદયમાં દયા હોવી જોઈએ. મુમુક્ષુનું કેમેય કરીને રૂડું થાય એવું કર્તવ્ય હોવું જોઈએ.

આ સમાજમાં પોતાના દુઃખને લઈને રડનારા તો લાખો ને કરોડો લોકો આંટા મારે છે, પણ બીજાના દુઃખને જોઈને હૃદય જેનું ભીનું થાય, આંખો જેની ભીની થાય - એ **સંત** છે.

**ક્રમશઃ (વધુ આવતા અંકે)**



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી







સરધારધામને આંગણે શ્રી વચનામૃત જયંતિ પ્રસંગે પૂજન કરતા પૂ. કોઠારી સ્વામી આદિક સંતો-પાર્ષદો તથા હરિભક્તો





થાણા(મુંબઈ)ને આંગણે પ.ભ. શ્રી અમરશીભાઈ નિસરના ફાર્મહાઉસ ખાતે યોજાયેલ
એક દિનાત્મક સત્સંગ શિબિરમાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી તથા અન્ય સંતો (તા. ૬-૧૨-૨૦૧૪





જોળ (વડતાલ)ને આંગણે મહિલા મંદિરના વાર્ષિક પાટોત્સવ ઠાકોરજીની
આરતી ઉતારી આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી.



વડોદરાને આંગણે યોજાયેલ માસિક સત્સંગ સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. (તા. ૭-૧૨-૨૦૧૪)






સુરતને આંગણે ધારુકા કોલેજ ગ્રાઉન્ડમાં યોજાયેલ વિશાળ સત્સંગ સભામાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા. ૮-૧૨-૨૦૧૪)








વડતાલ પ્રદેશના સાયણ(સુરત)ને આંગણે ભક્તિધારા રેસીડેન્સી ખાતે
પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આગામી નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ
શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા. ૯-૧૨-૨૦૧૪)







વડતાલ પ્રદેશના પાદરીયા (ભરુચ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આગામી નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ શાકોત્સવમાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૦-૧૨-૨૦૧૪)







વડતાલ પ્રદેશના સામલોદ (ભરુચ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આગામી નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ શાકોત્સવમાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૦-૧૨-૨૦૧૪)



વડતાલ પ્રદેશના અભલોડ (દાહોદ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આગામી નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા. ૧૧-૧૨-૨૦૧૪)






વડતાલ પ્રદેશના ખરોડ (દાહોદ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આગામી નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા. ૧૧-૧૨-૨૦૧૪)





વડતાલ પ્રદેશના સીમળીયા (તા. સંખેડા)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આગામી નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા. ૧૨-૧૨-૨૦૧૪)







વડતાલ પ્રદેશના દેગામ (તા. નડિયાદ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી આગામી નૂતન હરિમંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપલક્ષમાં યોજાયેલ શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા. ૧૨-૧૨-૨૦૧૪)





ગઢપુર પ્રદેશના ભાવનગર શહેરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી (તા. ૧૩-૧૨-૨૦૧૪)







સરધારધામને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી છાત્રાલયમાં વિનામૂલ્યે રહીને રાજકોટ વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કુલબેગ તથા નોટબુક વગેરે અર્પણ કરતા પૂ. સ્વામી તથા દાતા પ.ભ. શ્રી જે.બી. સોલંકી - અમદાવાદ

# નૂતન હરિમંદિરો ખાતમુહૂર્તવિધિ તથા શાકોત્સવ

| ક્રમ | કથા તારીખ | તિથિ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૩-૧-૨૦૧૫<br>૨૪-૧-૨૦૧૫ | મહા સુદ - ૪<br>મહા સુદ - ૫ | રાત્રે ૮ થી ૧૦ સત્સંગ સભા<br>સવારે ૭.૦૦ ખાતમુહૂર્ત | મુ. **મેઘપુર**, તા. વંથલી, જી. જૂનાગઢ.<br>સંપર્ક : મો. ૯૯૬૭૭૨૦૪૭૧ |
| ૨. | ૨૬-૧-૨૦૧૫ | મહા સુદ - ૭ | સવારે ૯ થી ૧૨ ખાતમુહૂર્ત<br>તથા સત્સંગ સભા | મુ. **સર**, તા. જી. રાજકોટ<br>સંપર્ક : મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |
| ૩. | ૨૯-૧-૨૦૧૫<br>૩૦-૧-૨૦૧૫ | મહા સુદ - ૧૦<br>મહા સુદ -૧૧ | રાત્રે ૬ થી ૮ સત્સંગ સભા<br>સવારે ૮.૦૦ ખાતમુહૂર્ત | મુ. **કોટડા સાંગાણી**, તા. જી. રાજકોટ<br>સંપર્ક : મો. ૯૦૯૯૯૯૯૬૩૩, ૯૮૨૫૪૧૬૯૯૮ |
| ૪. | ૩૦-૧-૨૦૧૫ | મહા સુદ - ૧૧ | સવારે ૯ થી ૧૨ ખાતમુહૂર્ત<br>તથા સત્સંગ સભા | મુ. **ઉમરાળી**, તા.જસદણ, જી. રાજકોટ<br>સંપર્ક : મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |
| ૫. | ૩-૨-૨૦૧૫<br>૪-૨-૨૦૧૫ | મહા સુદ - ૧૫<br>મહા વદ - ૧ | રાત્રે ૬ થી ૮ સત્સંગ સભા<br>સવારે ૯ થી ૧૨ ખાતમુહૂર્ત | મુ. **મેઘલપુર**, તા. સોજીત્રા, જી. આણંદ<br>સંપર્ક : મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૭૧૪૨૭૫૮૭૭ |

# શાકોત્સવ તથા સત્સંગ સભા

| ક્રમ | ગામ | તિથિ | તારીખ | સમય |
|---|---|---|---|---|
| ૧. | મહુવા | પોષ સુદ - ૧૫ | ૫-૧-૨૦૧૫ | સાંજે ૬ થી ૯ |
| ૨. | ગુંદરણી | પોષ વદ - ૧ | ૬-૧-૨૦૧૫ | સવારે ૯ થી ૧૨ |
| ૪. | ધારીગુંદાળી | પોષ વદ - ૧ | ૬-૧-૨૦૧૫ | સાંજે ૬ થી ૮ |
| ૩. | ચાંપરડા | પોષ વદ - ૨ | ૭-૧-૨૦૧૫ | સવારે ૯ થી ૧૨ |
| ૫. | રાસ | પોષ વદ - ૩ | ૮-૧-૨૦૧૫ | સવારે ૯ થી ૧૨ |
| ૬. | ગુંજાર | મહા સુદ - ૮ | ૨૭-૧-૨૦૧૫ | સવારે ૯ થી ૧૨ |
| ૭. | સુકી સાજડીયાળી | મહા સુદ - ૧૦ | ૨૯-૧-૨૦૧૫ | સવારે ૯ થી ૧૨ |

:: તારીખ :: ૪-૧-૨૦૧૫

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

## ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ** :- શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

:: પ્રારંભ :: ૧૦-૨-૨૦૧૫

શ્રી સ્વામિનારાયણ મંદિર - કાલોલ (જી. પંચમહાલ)નો

## વાર્ષિક પાટોત્સવ તથા સત્સંગ જ્ઞાનયજ્ઞ

:: પૂર્ણાહુતિ :: ૧૨-૨-૨૦૧૫

**વક્તા** :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી **સંપર્ક** :- મયુર પટેલ - મો. ૯૩૭૬૧૭૭૫૯૯

:: પ્રારંભ :: ૨૩-૧૨-૨૦૧૪

પાદરા(જી. વડોદરા)ને આંગણે

## શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

:: પૂર્ણાહુતિ :: ૨૯-૧-૨૦૧૪

**વક્તા** :- પૂ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજી - વરજાંગ જાળિયા **સંપર્ક** :- મો. ૯૪૨૭૭૨૩૨૫૧

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર** દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા **પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

# નૂતન હરિમંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૭-૨-૨૦૧૫ થી<br>૯-૨-૨૦૧૫ | મહા વદ - ૨ થી<br>મહા વદ - ૫ | મહા વદ - ૫<br>તા. ૯-૨-૨૦૧૫ | મુ. **રાસ**, તા. બોરસદ, જી. આણંદ<br>સંપર્ક :- મો. મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૮૨૫૮૨૪૩૭૭ |
| ૨. | ૧૯-૨-૨૦૧૫ થી<br>૨૩-૨-૨૦૧૫ | ફાગણ સુદ - ૧ થી<br>ફાગણ સુદ - ૫ | ફાગણ સુદ - ૩<br>તા. ૨૧-૨-૨૦૧૫ | મુ. **દેગામ**, તા. ડભાણ, જી. ખેડા<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૩. | ૨૩-૨-૨૦૧૫ થી<br>૨૫-૨-૨૦૧૫ | ફાગણ સુદ - ૫ થી<br>ફાગણ સુદ - ૯ | ફાગણ સુદ - ૫<br>તા. ૨૩-૨-૨૦૧૫ | મુ. **અભલોડ**, તા. જી. દાહોદ<br>સંપર્ક :- મો. મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૪. | ૨૩-૨-૨૦૧૫ થી<br>૨૫-૨-૨૦૧૫ | ફાગણ સુદ - ૫ થી<br>ફાગણ સુદ - ૯ | ફાગણ સુદ - ૫<br>તા. ૨૩-૨-૨૦૧૫ | મુ. **ખરોડ**, તા. લીમખેડા, જી. દાહોદ<br>સંપર્ક :- મો.મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૫. | ૮-૩-૨૦૧૫ થી<br>૧૨-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૩ થી<br>ફાગણ વદ - ૬ | ફાગણ વદ - ૬<br>તા. ૧૨-૩-૨૦૧૫ | મુ. **સામલોદ**, તા. ઝઘડીયા, જી. ભરુચ<br>સંપર્ક :- મો. મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૬. | ૯-૩-૨૦૧૫ થી<br>૧૩-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૩ થી<br>ફાગણ વદ - ૭ | ફાગણ વદ - ૭<br>તા. ૧૩-૩-૨૦૧૫ | મુ. **સીમળીયા**, તા. સંખેડા, જી. વડોદરા<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૭. | ૧૪-૩-૨૦૧૫ થી<br>૨૦-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૮ થી<br>ફાગણ વદ - ૩૦ | ફાગણ વદ - ૮<br>તા. ૧૪-૩-૨૦૧૫ | મુ. **શ્રી સ્વા. મંદિર, રાજાજી રોડ, ડોંબીવલી (ઈ)**<br>સંપર્ક :- મો. ૯૩૨૨૭૫૩૦૫૨ |
| ૮. | ૨૦-૪-૨૦૧૫ થી<br>૨૪-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૨ થી<br>વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૬<br>તા. ૨૪-૪-૨૦૧૫ | મુ. **બારડોલી**, જી. સુરત<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૯. | ૨૦-૪-૨૦૧૫ થી<br>૨૪-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૨ થી<br>વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૬<br>તા. ૨૪-૪-૨૦૧૫ | મુ. **સાઈન, સુરત**<br>સંપર્ક :- મો. ૯૮૨૫૭૬૯૯૯૨, ૯૮૨૫૬૧૦૫૧૮ |
| ૧૦. | ૨૫-૪-૨૦૧૫ થી<br>૨૯-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૭ થી<br>વૈશાખ સુદ - ૧૧ | વૈશાખ સુદ - ૭<br>તા. ૨૫-૪-૨૦૧૫ | મુ. **ગુંદરણી**, તા.મહુવા, જી. ભાવનગર**સુરત**<br>સંપર્ક :- મો. ૯૯૭૯૪૮૫૩૮૩ |
| ૧૧. | ૬-૫-૨૦૧૫ થી<br>૮-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૨ થી<br>વૈશાખ વદ - ૪ | વૈશાખ વદ - ૫<br>તા. ૯-૫-૨૦૧૫ | મુ. **ધારી ગુંદાળી**, તા. ભેંસાણ, જી. જૂનાગઢ<br>સંપર્ક :- **ધીરુભાઈ** - મો. ૯૪૨૮૮૩૬૩૯૦ |
| ૧૨. | ૬-૫-૨૦૧૫ થી<br>૮-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૨ થી<br>વૈશાખ વદ - ૪ | વૈશાખ વદ - ૫<br>તા. ૯-૫-૨૦૧૫ | મુ. **ચાંપરડા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૪૨૮૭૭૬૩૪૯, ૯૭૧૪૩૯૩૦૨૫ |
| ૧૩. | ૯-૫-૨૦૧૫ થી<br>૧૧-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૫ થી<br>વૈશાખ વદ - ૮ | વૈશાખ વદ - ૮<br>તા. ૧૧-૫-૨૦૧૫ | મુ. **ગુંજાર**, તા.ધંધુકા, જી. અમદાવાદ<br>સંપર્ક :- મો. ૯૬૬૨૪૨૩૨૮૭, ૯૬૬૨૧૪૯૯૪૮ |
| ૧૪. | ૯-૫-૨૦૧૫ થી<br>૧૧-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૫ થી<br>વૈશાખ વદ - ૮ | વૈશાખ વદ - ૮<br>તા. ૧૧-૫-૨૦૧૫ | મુ. **ધંધુકા**,જી. અમદાવાદ<br>સંપર્ક :- મો. ૯૪૨૮૪૯૯૩૦૮ |
| ૧૫. | ૧૧-૫-૨૦૧૫ થી<br>૧૫-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૮ થી<br>વૈશાખ વદ - ૧૨ | વૈશાખ વદ - ૧૨<br>તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **કોલડા**, તા.કુંકાવાવ, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૯૭૯૪૮૫૫૩૦ |
| ૧૬. | ૧૨-૫-૨૦૧૫ થી<br>૧૬-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૮ થી<br>વૈશાખ વદ - ૧૩ | વૈશાખ વદ - ૧૨<br>તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **વિરડી**, તા. ગારીયાધાર, જી. ભાવનગર<br>સંપર્ક :- મો. ૯૪૨૬૮૩૨૮૪૩, ૯૩૭૬૭૯૯૨૯૪ |
| ૧૭. | ૧૫-૫-૨૦૧૫ થી<br>૧૭-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૧૨ થી<br>વૈશાખ વદ - ૧૪ | વૈશાખ વદ - ૧૨<br>તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **સુકી સાજડીયાળી**, તા.જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૬૩૩ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ભગવાન શ્રીહરિ સ્થાપિત સોરઠ પ્રદેશના અધિષ્ઠાતા શ્રી રાધારમણ દેવના દિવ્ય સાન્નિધ્યમાં વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

# વસંતોત્સવ તથા શિક્ષાપત્રી જયંતિ મહોત્સવ

જૂનાગઢ



શ્રી હરિકૃષ્ણ મહારાજ    શ્રી રાધારમણ દેવ - જૂનાગઢ

**તારીખ :-** ૨૪-૧-૨૦૧૫, મહા સુદ - ૫ (વસંતપંચમી)

**સમય :-** સવારે ૬.૦૦ થી ૧૨.૦૦

## :: દિવ્ય આયોજનો ::

- દેવોનો અભિષેક
- સંતનિવાસ ખાતમુહૂર્ત
- નૂતન યાત્રિક ભુવન ઉદ્‌ઘાટન
- પૂ. બાળલાલજી મહારાજશ્રીનો જન્મોત્સવ



પ.પૂ. ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી




પ.પૂ. બાળલાલજી
શ્રી યજ્ઞેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. લાલજી
શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ. બાળલાલજી
શ્રી દિગ્વિજયેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી




**નિમંત્રક :-** સોરઠ પ્રદેશનાં સમસ્ત સંતો તથા હરિભક્તો સત્સંગ સમાજ વતી
મહંત સ્વામી શ્રી ભક્તિપ્રકાશદાસજી (મુખ્ય કોઠારીશ્રી)

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ, જૂનાગઢ

ફો.નં. ૦૨૮૫ - ૨૬૫૦૬૮૦ મો. ૯૮૨૫૯૩૭૭૫૫

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીની આગામી**

## કથાપારાયણો તથા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | વિગત | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૨-૧૨-૨૦૧૪ થી ૨૮-૧૨-૨૦૧૪ | પોષ સુદ - ૧ થી પોષ સુદ - ૭ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. દહિસર સ્પોર્ટ ફાઉન્ટેશન ગ્રાઉન્ડ, દહિસર (ઈ) સંપર્ક :- મો. ૯૩૨૨૭૫૩૦૫૨, ૯૮૩૩૫૧૫૧૭૨ |
| ૨. | ૩૦-૧૨-૨૦૧૪ થી ૫-૧-૨૦૧૫ | પોષ સુદ - ૯ થી પોષ સુદ - ૧૫ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. ગજેરાપરા, પટેલ વાડીની પાસે, અમરેલી સંપર્ક :- મો. ૯૪૨૭૨૩૦૬૨૦, ૯૮૨૫૦૯૧૭૨૧ |
| ૩. | ૨૮-૩-૨૦૧૫ થી ૩-૪-૨૦૧૫ | ચૈત્ર સુદ - ૯ થી ચૈત્ર સુદ - ૧૪ | શતાબ્દી મહોત્સવ | મુ. કાયાવરોહણ, તા. ડભોઈ, જી. વડોદરા સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૬૯૭૮૨૩૬ |
| ૪. | ૫-૪-૨૦૧૫ થી ૧૧-૪-૨૦૧૫ | ચૈત્ર વદ - ૧ થી ચૈત્ર વદ - ૭ | શ્રી ભાગવત કથા મહોત્સવ | મુ. સ્કોડા શોરૂમની સામે, ગોંડલ રોડ, રાજકોટ સંપર્ક :- મો. ૯૯૨૪૪૮૨૪૪૪, ૯૮૨૪૦૩૬૭૨૧ |
| ૫. | ૧૦-૪-૨૦૧૫ થી ૧૮-૪-૨૦૧૫ | ચૈત્ર વદ - ૬ થી ચૈત્ર વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ મહોત્સવ | મુ. યોગીચોક, પુણાગામ, સુરત સંપર્ક :- મો. ૮૧૨૮૬૯૧૫૧૩, ૯૮૨૪૪૯૧૮૫૨ |
| ૬. | ૨-૫-૨૦૧૫ થી ૫-૫-૨૦૧૫ | વૈશાખ સુદ - ૧૩ થી વૈશાખ વદ - ૧ | શ્રી સ્વામિનારાયણ બાળયુવા મહોત્સવ | મુ. શ્રી સ્વામિનારાયણ બાગ, સરધાર સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૩/૦૫ |
| ૭. | ૫-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૧ | રત્નાકર મહોત્સવ | મુ. શ્રી સ્વામિનારાયણ બાગ, સરધાર |


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર - પાણીદરવાજા તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ આયોજીત અમરેલી શહેરને આંગણે




શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

અંતર્ગત

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે

॥ શ્રીમદ્ સત્સંગિજીવન ॥

કથા પારાયણ

તારીખ :- ૩૦ થી ૫ -૧-૨૦૧૫

કથાસમય : સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦

નિમંત્રક તથા આયોજક :- ધર્મકુળ આશ્રિત શ્રીસ્વામિનારાયણ મહિલા મંદિર - પાણીદરવાજા તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ - અમરેલી પ્રદેશ

મહોત્સવ સ્થળ :- 'શ્રી સ્વામિનારાયણ ધામ' ગજેરાપરા, પટેલ વાડીની પાસે, અમરેલી.

સંપર્ક : નિલેશભાઈ સોની - મો. ૯૪૨૭૨૩૦૬૨૦ કેતનભાઈ સોની - મો. ૯૮૨૫૦૯૧૭૨૧ ડી.કે. દેસાઈ - મો. ૯૪૨૭૭૪૫૬૬૧

## નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - સુંદરીયાણા








ગઢપુર પ્રદેશના શ્રીજીપ્રસાદિભૂત તેમજ ભક્તરાજ વનાશા અને પૂંજાશાના ગામ સુંદરીયાણાને આંગણે
પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો
'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' (તા. ૧૧ થી ૧૩-૧૨-૧૪)


## નૂતન મહિલા મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - શેડુભાર





ગઢપુર પ્રદેશના શેડુભારને આંગણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મહિલામંદિરમાં 'મૂર્તિ પ્રતિષ્ઠા' કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા.૧૩-૧૨-૧૪)

## ન્યૂજર્સી (USA)


ન્યૂજર્સીને આંગણે નૂતન મંદિરમાં પધરામણી કરી નિરક્ષણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો-હરિભક્તો (તા. ૬-૧૨-૨૦૧૪)

Swaminarayan Chintan, December - 2014 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2015



















પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ અમેરિકાના વર્જીનીયા રાજ્યના રીચમુંડ શહેરને આંગણે નૂતન હરિમંદિરનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૯ થી ૩-૧૨-૨૦૧૪)

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007